| 46 | | 2025 | Challenges of the low production and ways for the improvements of small millets in gujarat and india |

## <u>મુદ્દા નંબર :–૨૨</u> દરેક પાકની GAP (ગુડ એગ્રીકલ્ચરલ પ્રેકટાઈસીસ)

### (૧) <u>નાગલી(રાગી)ની સુધારેલી ખેતી પદ્ધતિ</u>

➢ **પ્રસ્તાવના**

ગુજરાતમાં વવાતા તૃણ ધાન્ય પાકોમાં નાગલી, મોખરાનું સ્થાન ધરાવે છે. નાગલી એ ડુંગરાઉ પ્રદેશમાં વસતા આદિવાસીઓનો મુખ્ય ખોરાક છે. ગુજરાત તેમજ સમગ્ર ભારતમાં વવાતા તૃણ ધાન્ય પાકોમાં નાગલીની પ્રતિ હેકટરે ઉત્પાદન ક્ષમતા સૌથી વધારે છે. ગુજરાતમાં સૌથી વધારે નાગલી ડાંગ, વલસાડ તાપી અનેપંચમહાલ જીલ્લામાં થાય છે. નાગલીને અંગ્રેજીમાં ફીંગર મિલેટ અથવા આફ્રિકન મિલેટ અને ગુજરાતીમાં રાગી, બાવટાના નામથી પણ ઓળખવામાં આવે છે.

નાગલી પોષક તત્વોથી ભરપુર તૃણ ધાન્ય પાક છે. તેના દાણામાં પ્રોટીન, ખનીજ તત્વ અને વિટામીનનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. નાગલીમાં રેસાની માત્રા વધારે હોવાથી ડાયાબીટીસ અને હૃદયરોગના દર્દીઓ માટે ખૂબ લાભદાયક છે. નાગલીમાં કેલ્શીયમ અને આર્યન નું પ્રમાણ અન્ય ધાન્ય પાક કરતા સવિશેષ હોવાથી તેનો ઉપયોગ કુપોષણ દુર કરવામાં અને બેબી ફુટ બનાવવામાં થાય છે. નાગલી ઉગાડતા આદિવાસી ખેડૂતો નાગલીના લોટમાંથી રોટલા બનાવી ખાય છે. આ ઉપરાંત તેના લોટમાંથી બિસ્કીટ, ચોકલેટ, ટોસ, નાનખટાઈ, વેફર, પાપડી જેવી જુદી જુદી મુલ્યવર્ધક વાનગીઓ બનાવી શકાય છે.

➢ **હ.ધા.સં.કે., વઘઈ ધ્વારા ભલામણ કરવામાં આવેલ નાગલીની સુધારેલ પ્રચલિત જાતો અને તેની લાક્ષણિકતાઓ.**

**(૧) ગુજરાત નાગલી–૪ (લાલ)**

આ જાત લાલ દાણાવાળી, ૧૨૫–૧૩૦ દિવસમાં એટલે કે મધ્યમ મોડી પાકતી જાત છે. આ જાતના ડુંડા લાંબા અને અર્ધ ઘટ્ટ તથા ડુંડામાં દાણાની સંખ્યા વધારે હોય છે. એકરે સરેરાશ ૧૨૦૦ કિ.ગ્રા. ઉત્પાદન આપે છે. કરમોડી જેવા રોગ અને ગાભમારાની ઈયળ સામે પ્રતિકારકતા ધરાવે છે.

**(૨) ગુજરાત નાગલી–૫ (સફેદ)**

સફેદ કલરના દાણાવાળી આ જાત ૧૨૦–૧૨૫ દિવસમા પાકી જાય છે. એકરે સરેરાશ ૧૨૫૦ કિ.ગ્રા. ઉત્પાદન આપે છે. કરમોડી જેવા રોગ અને ગાભમારાની ઈયળ સામે મધ્યમ પ્રતિકારક શકિત ધરાવે છે.

**(૩) ગુજરાત નવસારી નાગલી–૬ (કથ્થાઈ)**

આ જાત આર્કષક ભરાવદાર કથ્થાઈ દાણાવાળી, ૧૧૫–૧૨૦ દિવસમાં એટલે કે મધ્યમ મોડી પાકતી જાત છે. એકરે સરેરાશ ૧૩૦૦ કિ.ગ્રા. ઉત્પાદન આપે છે. કરમોડી જેવા રોગ અને ગાભમારાની ઈયળ સામે પ્રતિકારકતા ધરાવે છે.

**(૪) ગુજરાત નવસારી નાગલી–૭ (સફેદ)**

આ જાત આકર્ષક ભરાવદાર સફેદ દાણાવાળી અંદાજીત ૧૨૫ દિવસમાં એટલે કે મધ્યમ મોડી પાકતી ગુજરાત નાગલી–૧ કરતા ૧૯.૫ % વધુ ઉત્પાદન આપતી અને કરમોડી જેવા રોગ તથા ગાભમારાની ઈયળ સામે મધ્યમ પ્રતિકારક શકિત ધરાવતી જાત છે.

**(૫) ગુજરાત નાગલી–૮ (લાલ)** આ જાત અર્ધઘટ્ટ કણસલાવાળી અને આકર્ષક લાલ દાણાવાળી અંદાજીત ૧૦૦–૧૦૫ દિવસમાં એટલે કે વહેલી પાકતી, વધુ ઉત્પાદન આપતી અને રાસાયણિક ખાતરની વધુ અસરકારતા દર્શાવતી અને કરમોડી જેવા રોગ તથા ગાભમારાની ઈયળ સામે મધ્યમ પ્રતિકારક શકિત ધરાવતી જાત છે.

**સંક્ષિપ્ત ખેતી પધ્ધતિ :**

➢ **જમીન અને આબોહવા :–** નાગલી વિવિધ પ્રકારની જમીન, આબોહવા તથા જયાં અન્ય પાક ઉગાડવાની શકયતા ઓછી હોય તેવી ઓછી ફળદ્રપ અને ઢાળવાળી જમીનમાં લઈ શકાય છે.

➢ **જમીનની તૈયારી :–** અગાઉના પાકની કાપણી થઈ ગયા બાદ, જમીનને હળ અથવા ટ્રેકટર આડું તથા ઉભું ચલાવી ઉંડી ખેડવી. ખેતરમાંથી પાકના નિંદામણનાં જડીઆં વીણી લઈ ખેતર સાફ કરવું.



Asso. Res.Sci. HMRS, Waghai.

➢ **બિયારણનો દર :–** ૪ થી ૫ કિ.ગ્રા. / હે.

➢ **બીજની માવજત :–** બીજ જન્ય રોગ અટકાવવા સરેસાન અથવા થાયરમ પૈકી કોઈપણ એક ફુગનાશક દવા ૧ કિ.ગ્રા. બીજ દીઠ ૩ ગ્રામ તેમજ એઝોસ્પાયરીલમ જૈવિક ખાતર ૩ ગ્રામ ૧ કિલો બીજ પ્રમાણે પટ આપવો.

➢ **ધરુવાડીયું :–** ડાંગરની જેમ નાગલીની ફેરરોપણી કરવામાં આવે તો વધુ ઉત્પાદન મળે છે. ગાદી કયારા ઉપર ધરુ તૈયાર કરવું. એક હેકટરની રોપણી માટે ૧૦ આર જમીન (૦.૧ હેકટર) માં ધરુવાડીયું કરી ૧૦ સે.મી.ના અંતરે હારમાં પ્રમાણસર બીજ વાવવું.

➢ **ફેરરોપણી :–** ૩ થી ૪ અઠવાડીયાની ઉંમરનું ધરુ ફેરરોપણી માટે યોગ્ય ગણાય છે. ફેરરોપણી અગાઉ પુરતો વરસાદ હોય ત્યારે જમીનને હળથી ધાવલ કરીને સમાર મારવો. ધાવલ કરતાં અગાઉ જરૂરી પાયાનું ખાતર આપી દેવું.

➢ **ફેરરોપણીનું અંતર :–** બે હાર વચ્ચે ૨૨.૫ થી૩૦ સે.મી.અને હારમાં બે છોડ વચ્ચે ૭ થી ૮ સે.મીનું અંતર રાખી ફેરરોપણી કરવી. અને હેકટરે ૪.૫ થી ૬ લાખ છોડ જાળવવા.

➢ **પાયાનું ખાતર :–** હેકટર દીઠ ૧૦ ટન સારું કોહવાયેલું છાણિયું ખાતર જમીનમાં નાંખવું. ફેરરોપણી વખતે હેકટરર દીઠ ૨૦ કિ.ગ્રા. નાઈટ્રોજન અને ૨૦ કિલોગ્રામ ફોસ્ફરસ આપવો.

➢ **પૂર્તિ ખાતર :–** ફેરરોપણી બાદ ૩૦ દિવસે હેકટર દીઠ ૨૦ કિલોગ્રામ પ્રમાણે નાઈટ્રોજન આપવો.

➢ **જૈવિક ખાતર :–** એઝોટોબેકટર ૪.૦૦ કિ.ગ્રા. પ્રતિ હેકટરે ફેરરોપણી વખતે જમીનમાં આપવું.

➢ **પાછલી માવજત :–** ત્રણ થી ચાર વાર નિંદામણ કરવું.

➢ **પાક સંરક્ષણ :–** સામાન્ય રીતે નાગલીના પાક ઉપર રોગ જીવાતનો ઉપદ્રવ ઓછો જોવા મળે છે. તેમ છતાં ગાભમરાની ઈયળનો કે કરમોડી (બ્લાસ્ટ) રોગનો ઉપદ્રવ જણાય તો નીચે પ્રમાણે પગલાં લેવાં.

(ક) કરમોડી (બ્લાસ્ટ) રોગ ૧.: પ્રતિકારક જાતો વાવવી.

૨.: ૬ ગ્રામ ટ્રાયસાયકલાઝોલ ૭૫ ટકા અથવા ૧૦ ગ્રામ કાર્બેન્ડાઝીમ ૫૦ ટકા વે.પા. અથવા ૧૦ મી.લી. એડીફેનફોસ ૫૦ ઈ.સી. દવાનું ૧૦ લીટર પાણીમાં દ્રાવણ બનાવી છંટકાવ કરવો.

(ખ)ગાભમારાની ઈયળ: મોનોક્રોટોફોસ ૦.૦૩ ટકા અથવા ફોસ્ફામીડોન ૦.૦૩% અથવા ટ્રાયઝોફોસ ૦.૦૪% નું દ્રાવણ છાંટવું.

➢ **ઉત્પાદન :–** નાગલી પાકનું સરેરાશ ઉત્પાદન હેકટરે ૨૮૦૦ થી ૩૨૦૦ કિલો મળે છે. નાગલીનું ચીપટ પણ પોષ્ટીક તત્વોથી ભરપુર હોઈ પશુઆહાર માટે ઉત્તમ છે.

## (૨) વરીની સુધારેલી ખેતી પદ્ધતિ

વરીના દાણા નાના હોવાને લીધે તેને ઝીણું ધાન્ય કહેવામાં આવે છે. તેનું વાવેતર ડાંગ જિલ્લાના ડુંગરાળ પ્રદેશમાં થાય છે. દાણાને છડયા પછીના ભાગને મોરીયો કહેવામાં આવે છે. જેનો ઉપયોગ લોકો (મોરયો)ઉપવાસમાં કરે છે. તેની પોષણયુકત ઉપયોગિતા વધુ છે. વધુ વરસાદવાળા વિસ્તારમાં આ પાકનું વાવેતર થાય છે. આદિવાસી લોકો ડાંગરની જગ્યાએ વરીનો ઉપયોગ કરે છે. દર્દીઓ માટે તેમજ સગર્ભા સ્ત્રીઓ માટે વરી એ ઉત્તમ આહાર છે.

**(અ) ગુજરાત વરી–૧:**

ગુજરાત વરી–૧ જાત, વિવિધતા ધરાવતી સ્થાનિક જાતોમાંથી પસંદગી દ્વારા તૈયાર કરવામાં આવી છે. સ્થાનિક જાત કરતાં આ જાત ૧૬% જેટલું વધુ ઉત્પાદન આપે છે. આ જાતના દાણાનો રંગ આર્કષક તેમજ પાકવામાં વહેલી છે, તેથી લોકો ખૂબ જ પસંદ કરે છે. વરીની વધુ ઉત્પાદન આપતી જાતો વિકસાવવાનું કામ ચાલુ છે.

**(બ) ગુજરાત વરી–ર:** આ જાત ગુજરાત વરી–૧ માંથી મ્યુટેશન બ્રીડીંગ પધ્ધતિથી વિકસાવવામાં આવેલ છે. આ જાત ગુજરાત વરી–૧ કરતા ૩૩ % ટકા વધુ ઉત્પાદન આપે છે. ઉપરાંત આ જાતમાં દાણાની સાઈઝ ગુજરાત વરી–૧ કરતા ઘણી મોટી તેમજ ડુંડામાં દાણાની સંખ્યા વધુ, અને ખુબજ આકર્ષક રંગના છે. આ જાત વહેલી પાકતી મોટા ડુંડા વાળી, ઢળી ન પડે તેવી અને રોગ જીવાત સામે પ્રતિકારક શકિત ધરાવે છે.

**(ક) ગુજરાત નવસારી વરી–૩ :**

ગુજરાત નવસારી વરી–૩ જાત વિવિધતા ધરાવતી સ્થાનિક જાતોમાંથી પસંદગી દારા તૈયાર કરવામાં આવી છે આ જાત ગુજરાત વરી–૧ કરતા ૮.૮% વધુ ઉત્પાદન આપે છે. આ જાતનાં દાણા આકર્ષક ભરાવદાર પીળાશ પડતા રંગના હોય છે. આ જાત વહેલી પાકતી, વધુ ફુટ આપતી ઢળી ન પડે તેવી અને રોગ જીવાત સામે પ્રતિકારક શકિત ધરાવે છે.

## સુધારેલી ખેતી પદ્ધતિ

**જમીનની તૈયારી :–**

અગાઉ લીધેલ પાકનાં મૂળિયાં કાઢી નાંખવાં. ધરુવાડિયાની જમીન તૈયાર કરી ૧ મીટર પહોળા અને ૫ મીટર લાંબા ગાદી કયારા તૈયાર કરવા. હળવે હાથે ભલામણ કરેલી જાત ગુજરાત વરી ૧ નાં બીજ નાંખી ધીરેથી ચાસ ઢાંકી દેવા.

**બિયારણનો દર :–**

હેકટર દીઠ ૨.૫ થી ૩ કિલો બીજ વાપરવું. ધરુ ૧૦–૧૨ દિવસનું થાય ત્યારે નિંદામણ કાઢી નાંખી ૨–૩ કિલો નાઈટ્રોજન (૧૦ આર માટે) આપવું.

**રોપણી :–**

ધરુ ૨૧ દિવસનું થાય ત્યારે બે હાર વચ્ચે ૩૦ સે.મી. અને બે છોડ વચ્ચે ૧૦ સે.મી.નું અંતર રાખી રોપણી કરવી. રોપણી માટે એક એક રોપાનો જ ઉપયોગ કરવો.



Asso. Res.Sci. HMRS, Waghai

**પાયાનું ખાતર :–** પાયાના ખાતર તરીકે ૨૦ કિલો નાઈટ્રોજન તથા ૨૦ કિલોગ્રામ ફોસ્ફરસ હેકટરે આપવો.

**પૂર્તિ ખાતર :–** પૂર્તિ ખાતર તરીકે ૨૦ કિલો નાઈટ્રોજન પાક ૩૦–૩૫ દિવસનો થાય ત્યારે આપવો.

**જૈવિક ખાતર:–** એઝોસ્પાયરીલમ કે એઝોટોબેકટર અને ફોસ્ફોબેકટેરીયમ કલ્ચરનો ઉપયોગ કરવાથી રાસાયણિક ખાતરનો ખર્ચ ઘટાડી શકાય છે.

**આંતર ખેડ અને નિંદામણ :–** આંતર ખેડ અનેનિંદામણ જરૂર મુજબ કરવું.

**પાક સંરક્ષણ :–** રોગ અને જીવાતનો ઉપદ્રવ ખાસ જોવા મળતો નથી છતાં ઉપદ્રવ જણાય તો જરૂરી પાક સંરક્ષણનાં પગલાં લેવાં.

**ઉત્પાદન :–** આ પાક ૧૨૦ થી ૧૨૫ દિવસમાં તૈયાર થાય ત્યારે કાપણી કરવી. સરેરાશ ૧૩૦૦ થી ૨૮૦૦ કિલો દાણાનું ઉત્પાદન મળે છે.

## <u>મુદ્દા નંબર :–૨૩</u> જે તે ફાર્મની વિગતો નકશા વિ. જમીન/ પાણીનું પૃથ્થકરણ (વર્ષવાર)

### (૧) ચાલુ વર્ષનાં વૈજ્ઞાનિક પ્રમાણે અખતરાઓની યાદી

**વૈજ્ઞાનિકશ્રી નાં નામ:ર્ડા. પી.એ.વાવડીયા, સહ સંશોધન વૈજ્ઞાનિક,**
**ર્ડા. એસ.એસ.સોનવણે, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક**
**ર્ડા. બી. એન. ચૌધરી, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક**

**(A) Hill Millet Research Scheme (B.H-3002-3 and ICAR- AICRP-SM 326-2091))**

| Sr.No. | Expt. No. | Name of the experiment |
|---|---|---|
| | | **FINGER MILLET** |
| 1 | FMB-1 | Large scale varietal trial-I& II (Early & Midlate) of finger millet |
| 2 | FMB-2 | Small scale varietal trial of finger millet |
| 3 | FMB-3 | Large scale varietal trial of White finger millet |
| 4 | FMB-4 | Maintenance of Finger millet germplasm. |
| 5 | FMB-5 | Production Potential of finger millet under organic nutrient managament |
| 6 | FMB-6 | IVT Finger millet |
| 7 | FMB-7 | AVT Finger millet |
| 8 | FMA-8 | Evaluation of pre- released genotypes to fertility levels finger millet |
| 9 | FME-9 | FMIVT finger millet |
| 10 | FME-10 | FMAVT |
| 11 | FMB-11 | RVT Small millet Demo |
| 12 | FMB-12 | Pre- IVT FM (Inter- Institutional) |
| 13 | FMB-13 | IVT Finger Millet |
| 14 | FMB-14 | MLT Trials- Evaluation of Finger Millet entries |
| 15 | FMB-15 | Mutation Breeding Experiment in Finger Millet |
| 16 | FMB-16 | IV PG Student Finger Millet |
| 17 | FMB-17 | Germplasm Maintenance Finger Millet |
| | | **LITTEL MILLET** |
| 18 | LMB-1 | Small scale varietal trial of littel millet |
| 19 | LMB-2 | Maintenance of littel millet germplasm. |
| 20 | LMB-3 | IAVT littel millet |
| 21 | LMB-4 | Mutation Breeding Experiment in Little Millet |
| 22 | LME-5 | LIAVT littel millet |
| | | **KODO MILLET** |
| 23 | KMB-1 | IAVT kodo millet. |
| | | **BARNYARD MILLET** |
| 24 | BMB-1 | Large Scale Varietal Trial of Barnyard millet |
| 25 | BMB-2 | Small Scale Varietal Trial of Barnyard millet (Mutation) |
| 26 | BMB-3 | Maintenance of Barnyard millet germplasm. |
| 27 | BMB-4 | IAVT Barnyard millet |
| 28 | BME-5 | BIAVT Barnyard millet |
| 29 | | Germplasm Maintenance of Barnyard millet |



Asso. Res.Sci. HMRS, Waghai

| FOXTAIL MILLET | | |
|---|---|---|
| 30 | FMB-1 | Large Scale Varietal Trial of Foxtail Millet |
| 31 | FMB-2 | IAVT Foxtail Millet |
| 32 | FMB-3 | Foxtail Millet Varieties |
| 33 | FMB-4 | MLT Trials- Evaluation of Foxtail Millet entries |
| 34 | FMB-5 | LSVT Foxtail Millet |
| 35 | FMB-6 | PG Student Foxtail Millet |
| 36 | FMB-7 | Foxtail Millet Varieties |
| SORGHUM | | |
| 37 | SB-1 | IVHT Sorghum |
| 38 | SB-1 | AVHT Sorghum |

**(B) Paddy Research Scheme (B.H. 5003 and Plan Project 12946-C)**

| Sr. No. | Name of the experiments |
|---|---|
| 1 | LSVT-RFTP Rice |
| 2 | SSVT-RFTP |
| 3 | SSVT Organic |
| 4 | Large Scale Hybrid Trial |
| 5 | LSVT Organic |
| 6 | SSVT Organic |
| 7 | Crossing Materials |
| 8 | Demonstration of Local Germplasm |
| 9 | Screening Blast Resistant(VRBN) |
| 10 | Sreening for Blast Resistance for National Sreening Nursery NSN-1 |
| 11 | Field monitoring of Blast virutence pyricularia oryzae BL |
| 12 | Nursery VRBN, NSN-1, NSN-2, BL |
| 13 | LSVT Coriander (seed) |
| 14 | LSVT Coriander (Dual seed) |
| 15 | LSVT Coriander (Dual cut) |
| 16 | LSVT Coriander (HDP) |
| 17 | LSVT Fennel |
| 18 | LSVT Fenugreek |
| 19 | LSVT Niger |

**(C) Strengthening of Hill Millet Research Scheme (B.H. 7002-3 and Mega Seed project)**

| Sr.No. | Name of experiments |
|---|---|
| 1 | LSVT- Foxtail Millet |
| 2 | LSVT Grain Sorghum |
| 3 | LSVT Barnyard |
| 4 | SSVT Barnyard millet (mutation) |
| 5 | Response of finger millet based intercropping Systems under Hilly Region of South Gujarat |
| 6 | LSVT Foxtail Millet |
| 7 | Stability parameters and AMMI analysis of quinoa under south Gujarat conditions |
| 8 | Foxtail Millet Crossing F3 Poputation |

**(D) Tuber and Vegetable Research Scheme (BH.7013-2 and 9510-N-14)**

| Sr. No. | Name of the experiments |
|---|---|
| 1 | LSVT- Turmeric |
| 2 | LSVT- Mango ginger |
| 3 | SSVT- Turmeric |
| 4 | LSVT Black Turmeric |
| 5 | LSVT- Tannia |
| 6 | LSVT-Birnjal |



Asso. Res.Sci. HMRS, Waghai

| | |
|---|---|
| 7 | LSVT- Organic Rice |
| 8 | Maintenance of Germplasm Segregating material & Crossing Block of Okra |
| 9 | Larger Scale Varietal Trial on Okra |
| 10 | Preliminary Evaluation Trial on Okra |
| 11 | Small Scale Varietal Trial on Cucumber |
| 12 | Small Scale Varietal Trial on Cherry Tomato |
| 13 | Small Scale Varietal Trial on Pumpkin |
| 14 | Okra germplasam maintenance, Segregating generation and Crossing Block |
| 15 | Effect of Organic Mulching and Nutrients on Brinjal |

## (૨) કેન્દ્ર ખાતે વાવેતર થતા પાકોની આધુનિક ખેતી પધ્ધતિ

### (૧) નાગલી(રાગી)ની સુધારેલી ખેતી પદ્ધતિ

➢ **પ્રસ્તાવના**

ગુજરાતમાં વવાતા તૃણ ધાન્ય પાકોમાં નાગલી મોખરાનું સ્થાન ધરાવે છે. નાગલી એ ડુંગરાઉ પ્રદેશમાં વસતા આદિવાસીઓનો મુખ્ય ખોરાક છે. ગુજરાત તેમજ સમગ્ર ભારતમાં વવાતા તૃણ ધાન્ય પાકોમાં નાગલીની પ્રતિ હેકટરે ઉત્પાદન ક્ષમતા સૌથી વધારે છે. ગુજરાતમાં કુલ ૧૪,૧૬૧ હેકટર જમીનમાં નાગલીનું વાવેતર થાય છે. તેમાંથી ૧૮,૯૦૫ મે.ટન ઉત્પાદન મળે છે. ગુજરાતમાં નાગલીનું વાવેતર ડાંગ, વલસાડ, નવસારી, તાપી અને પંચમહાલ જીલ્લામાં થાય છે. નાગલીને અંગ્રેજીમાં ફીંગર મિલેટ અથવા આફ્રિકન મિલેટ અને ગુજરાતીમાં રાગી, બાવટાનાં નામથી પણ ઓળખવામાં આવે છે.

નાગલી પોષક તત્વોથી ભરપુર તૃણ ધાન્ય પાક છે. તેના દાણામાં રેસાની માત્રા વધારે, સારી ગુણવત્તાવાળું પ્રોટીન, ખનીજતત્વ અને વિટામીનનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. નાગલીમાં રેસાની માત્રા વધારે હોવાથી મીઠીપેશાબ (ડાયાબીટીસ) અને હૃદયરોગના દર્દીઓ માટે ખૂબ લાભદાયક છે. નાગલીમાં કેલ્શિયમ અને આયર્નનું પ્રમાણ અન્ય ધાન્ય પાક કરતાં સવિશેષ હોવાથી તેનો ઉપયોગ કુપોષણ દૂર કરવામાં અને બેબી ફુડ બનાવવામાં થાય છે. નાગલી ઉગાડતા આદિવાસી ખેડૂતો નાગલીનાં લોટમાંથી રોટલા બનાવી ખાય છે. આ ઉપરાંત તેના લોટમાંથી બિસ્કીટ, ચોકલેટ, ટોસ, નાનખટાઈ, વેફર, પાપડી વિગેરે જેવી જુદી જુદી મૂલ્યવર્ધિત બનાવટો બનાવી શકાય છે. નાગલીનું ચીપટ પણ પોષક તત્વોથી ભરપૂર હોઈ પશુઆહાર માટે ઉત્તમ છે.

➢ **હ.ધા.સં.કે., વઘઈ દ્વારા ભલામણ કરવામાં આવેલ નાગલીની સુધારેલ જાતો અને તેની ખાસિયતો :**

**૧. ગુજરાત નાગલી–૧ (લાલ દાણાવાળી)**

| | | |
|---|---|---|
| બહાર પાડયાનું વર્ષ | : | ૧૯૭૬ |
| પાકવાના દિવસો | : | ૧૨૫–૧૩૦ |
| સરેરાશ ઉત્પાદન કિ.ગ્રા/ હેકટર | : | ૨૦૦૦ કિલો/હેકટર |
| ટકા વધારો સ્થાનિક જાત કરતાં | : | ૧૬.૬ ટકા |

**ખાસિયતો**

- ડૂંડા મધ્યમ લાંબા
- ટોચેથી વળેલા અને ઘટ્ટ
- ડાંગ જિલ્લાના ડુંગરાઉ વિસ્તાર માટે અનુકુળ જાત
- દાણા ખરી પડવા સામે પ્રતિકારક જાત.
- મોડી પાકતી અને ઢળી પડવા સામે પ્રતિકારક જાત.



**૨. ગુજરાત નાગલી–૨ (લાલ દાણાવાળી)**

| | | |
|---|---|---|
| બહાર પાડયાનું વર્ષ | : | ૧૯૮૨ |
| પાકવાના દિવસો | : | ૧૩૦–૧૩૫ |
| સરેરાશ ઉત્પાદન કિ.ગ્રા/ હેકટર | : | ૨૨૦૦ કિલો/હેકટર |
| ટકા વધારો ગુ.નાગલી–૧ કરતાં | : | ૧૯ ટકા |

**ખાસિયતો**

- સ્થાનિક જાતમાંથી પસંદગી ધ્વારા તૈયાર કરેલ જાત.
- ડુંડા મધ્યમ લાંબા અને અર્ધ ઘટ્ટ.
- આકર્ષક લાલ દાણાવાળી તથા દાણા ખરી પડવા સામે પ્રતિકારક જાત.
- મોડી પાકતી અને ઢળી પડવા સામે પ્રતિકારક જાત.





Asso. Res.Sci. HMRS, Waghai

### ૩. ગુજરાત નાગલી–૩ (લાલ દાણાવાળી)

| | | |
|---|---|---|
| બહાર પાડયાનું વર્ષ | : | ૧૯૯૦ |
| પાકવાના દિવસો | : | ૧૩૦–૧૩૫ |
| સરેરાશ ઉત્પાદન કિ.ગ્રા/ હેકટર | : | ૨૩૬૫ કિલો/હેકટર |
| ટકા વધારો ગુ.નાગલી–૨ કરતાં | : | ૧૬.૯ ટકા |

**ખાસિયતો**

- કેએમ–૧૩ અને ગુજરાત નાગલી–૨ ના સંકરણથી તૈયાર કરેલ જાત.
- ડૂંડા ખૂબ લાંબા અને ખૂલ્લા.
- દાણા ઈંટ જેવા લાલ રંગના.
- રોગ–જીવાત સામે મધ્યમ પ્રતિકાર શકિત ધરાવતી જાત.



### ૪. ગુજરાત નાગલી–૪ (લાલ દાણાવાળી)

| | | |
|---|---|---|
| બહાર પાડયાનું વર્ષ | : | ૨૦૦૬ |
| પાકવાના દિવસો | : | ૧૨૫–૧૩૦ |
| સરેરાશ ઉત્પાદન કિ.ગ્રા/ હેકટર | : | ૨૯૩૪ કિલો/હેકટર |
| ટકા વધારો ગુ.નાગલી–૩ કરતાં | : | ૨૦.૯ ટકા |
| ધાણીના ટકા | : | ૭૭.૨ ટકા |

**ખાસિયતો**

- કેએમ–૨૨૮ માંથી પસંદગી ધ્વારા તૈયાર કરેલ જાત.
- આકર્ષક લાલ દાણાવાળી અને વધુ ઉત્પાદન આપતી જાત.
- ડૂંડા લાંબા અને અર્ધ ઘટ્ટ.
- ડૂંડામાં દાણાની સંખ્યા વધારે.
- દાણા ખરી પડવા સામે પ્રતિકારક જાત.
- મોડી પાકતી અને ઢળી પડવા સામે પ્રતિકારક જાત.
- વધુ ઉત્પાદન આપતી અને રાસાયણિક ખાતરની વધુ અસરકારતા દર્શાવતી જાત.
- વધારે કેલ્શિયમ અને લોહતત્વ દર્શાવતી જાત.
- કરમોડી રોગ સામે મધ્યમ પ્રતિકારક જાત.
- ચીપટ (પરાળ) પશુઆહાર માટે પૌષ્ટિક.




### ૫. ગુજરાત નાગલી–૫ (સફેદ દાણાવાળી )

| | | |
|---|---|---|
| બહાર પાડયાનું વર્ષ | : | ૨૦૦૯ |
| પાકવાના દિવસો | : | ૧૧૦–૧૧૫ |
| સરેરાશ ઉત્પાદન કિ.ગ્રા/ હેકટર | : | ૨૯૦૦ થી ૩૨૦૦ કિલો/હેકટર |
| ટકા વધારો ગુ.નાગલી–૩ કરતાં | : | ૨૪.૮૯ ટકા |
| ટકા વધારો ગુ.નાગલી–૪ કરતાં | : | ૧૮.૯૨ ટકા |

**ખાસિયતો**

- ભરાવદાર, આકર્ષક સફેદ દાણાવાળી તથા ડુંડામાં વધુ દાણા અને વધુ ફિંગર ધરાવતી જાત.
- મધ્યમ મોડી, વધુ ઉત્પાદન આપતી અને રાસાયણિક ખાતરની વધુ અસરકારતા દર્શાવતી જાત.
- કરમોડી રોગ સામે પ્રતિકારક જાત.
- વધારે કેલ્શિયમ અને મીનરલ મેટર દર્શાવતી જાત.
- ચીપટ (પરાળ) પશુઆહાર માટે પૌષ્ટિક.






Asso. Res.Sci. HMRS, Waghai

## ૬. ગુજરાત નવસારી નાગલી–૬ (ઘાટા કથ્થાઈ દાણાવાળી)

| | | |
|---|---|---|
| બહાર પાડયાનું વર્ષ | : | ૨૦૧૪ |
| પાકવાના દિવસો | : | ૧૨૫–૧૩૦ |
| સરેરાશ ઉત્પાદન કિ.ગ્રા/ હેકટર | : | ૩૦૦૦ થી ૩૪૦૦ કિલો/હેકટર |
| ટકા વધારો ગુ.નાગલી–૪ કરતાં | : | ૧૭.૭૮ ટકા |

**ખાસિયતો**

- ભરાવદાર, આકર્ષક ઘાટા કથ્થાઈ દાણાવાળી સ્થાયી જાત.
- મધ્યમ મોડી, વધુ ઉત્પાદન આપતી અને રાસાયણિક ખાતરની વધુ અસરકારતા દર્શાવતી જાત.
- નાગલી ૩,૪ અને ૫ જાતો કરતાં વહેલી પાકતી જાત.
- વધારે કેલ્શિયમ, લોહતત્વ અને મીનરલ મેટર દર્શાવતી જાત.
- ઢળી પડવા સામે પ્રતિકારક જાત.
- કરમોડી રોગ સામે પ્રતિકારક જાત.
- ચીપટ (પરાળ) પશુઆહાર માટે પૌષ્ટિક



## ૭. ગુજરાત નવસારી નાગલી–૭ (સફેદ દાણાવાળી)

| | | |
|---|---|---|
| બહાર પાડયાનું વર્ષ | : | ૨૦૧૬ |
| પાકવાના દિવસો | : | ૧૨૫–૧૩૦ |
| સરેરાશ ઉત્પાદન કિ.ગ્રા/ હેકટર | : | ૩૨૦૦ થી ૩૫૦૦ કિલો/હેકટર |
| ટકા વધારો ગુ.નાગલી–૫ કરતાં | : | ૧૯.૪૮ ટકા |

**ખાસિયતો**

- ભરાવદાર, આકર્ષક સફેદ દાણાવાળી જાત.
- મધ્યમ મોડી, વધુ ઉત્પાદન આપતી અને રાસાયણિક ખાતરની વધુ અસરકારતા દર્શાવતી જાત.
- નાગલી ૪ અને ૫ જાતો કરતાં વહેલી પાકતી જાત.
- વધારે મીનરલ મેટર, ફોસ્ફરસ, મેંગેનીઝ અને રેસા દર્શાવતી જાત.
- ઢળી પડવા સામે પ્રતિકારક જાત.
- કરમોડી રોગ સામે પ્રતિકારક જાત.
- ચીપટ (પરાળ) પશુઆહાર માટે પૌષ્ટિક
- ચીપટનું ઉત્પાદન ૮૧૦૦ – ૮૩૦૦ કિલોગ્રામ/ હેકટર



## ૮. ગુજરાત નાગલી–૮ (લાલ દાણાવાળી)

| | | |
|---|---|---|
| બહાર પાડયાનું વર્ષ | : | ૨૦૧૮ |
| પાકવાના દિવસો | : | ૧૦૫–૧૧૦ |
| સરેરાશ ઉત્પાદન કિ.ગ્રા/ હેકટર | : | ૩૦૭૯ કિલો/હેકટર |

**ખાસિયતો**

- અર્ધઘટ્ટ કણસલાવાળી અને આકર્ષક લાલ દાણાવાળી જાત.
- વહેલી પાકતી, વધુ ઉત્પાદન આપતી અને રાસાયણિક ખાતરની વધુ અસરકારતા દર્શાવતી જાત.
- ગુ.નાગલી ૪, ૫ અને ગુ.ન.નાગલી–૬,૭ જાતો કરતાં વહેલી પાકતી જાત.
- વધારે મીનરલ મેટર, ફોસ્ફરસ, મેંગેનીઝ અને રેસા દર્શાવતી જાત.
- ઢળી પડવા સામે પ્રતિકારક જાત.
- થડનો કોહવારો અને કરમોડી રોગ સામે મધ્યમ પ્રતિકારક જાત.
- ચીપટ (પરાળ) પશુઆહાર માટે પૌષ્ટિક
- ચીપટનું ઉત્પાદન ૭૮૫૦ કિલોગ્રામ/ હેકટર





Asso. Res.Sci. HMRS, Waghai

## ૯ . ગુજરાત નાગલી–૯ (ગીરા) / સી એફ એમ વી–૨





### ૯ – ગુજરાત નાગલી–૯ (ગીરા) / સી એફ એમ વી–૨ ની ખાસિયતો

- દાણાની ઉપજ આપવાની સાથે સાથે વધુ ઘાસચારો ઉત્પન્ન કરનાર ઉતમ જાત.
- ભારતનાં દક્ષિણ ઝોન હેઠળ આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, મહારાષ્ટ્ર અને ઓડિશામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરતું તથા ભલામણ આપેલ જાત.
- મધ્યમ પરિપકવતા અવધિ અને એકસરખી પરિપકવતા આપતી જાત (૧૧૯–૧૨૧ દિવસ).
- આ જાત વરસાદી વાવેતર માઢળી પડવા આગળ પ્રતિકારક છે.
- આ જાતના ૧૦૦૦ દાણાનું/બીજ વજન દીઠ ૨.૯૪ ગ્રામ.
- આ જાતના કણસલામાંથી દાણા ઢળી પડવા આગળ પ્રતિકારક છે.
- આ છોડનો પ્રકાર ઉભો થાય છે અને કણસલો અર્ધ–ખુલા પ્રકારમાં આવે છે.
- વધુ ઉત્પાદન આપતી અને રાસાયણીક ખાતરની વધુ અસરકારતા દર્શાવતી જાત.
- કેલ્શીયમ (૪૫૪ એમજી/૧૦૦ ગ્રામ), ઝીંગ (૨૫ પીપીએમ), લોહત્વ(૩૯ પીપીએમ), ફુડ ફાઈબર અને મિનરલ્સ મેટર ટકાના સંદર્ભમાં રાષ્ટ્રીય ચકાસણીની તુલનામાં ઉત્તમ જોવા મળ્યું. જે સારા અને ઉચ્ચ પોષણ મૂલ્ય દર્શાવે છે, જેના કારણે આ જાતને અખિલ ભારતીય હલકા ધાન્ય યોજના તરફથી 'બાયોફોર્ટીફાઈડ' ઓળખાણ આપવામાં આવેલ છે.
- આ જાત કરમોડી રોગ સામે પ્રતિકારક છે.
- ગાબમારાની ઈયળ, ચુસીયા જીવાત અને કંણસલાની ઈયળ જીવાત માટે ખૂબ સહનશીલ છે.
- ન્યુટ્રીશન ઉચ્ચ ઉપજ આપતી 'સીએફએમવી–૨' (જી.એન–૯) પોષક સમૃદ્ધ અનાજ સાથે ડુંગરાળ વિસ્તારોના આદિવાસી ખેડૂતોની જરૂરીયાતોને પૂંર્ણ કરશે.
- મુખ્યત્વે વરસાદી ડુંગરાળ વિસ્તારમાં વાવેતર માટે ભલામણ કરવામાં આવે છે.

## ૧૦– સી એફ એમ વી–૩/ એક વિજય (લાલ દાણાવાળી)





- ભારતના ઝોન–૧ હેઠળ આંધ્ર પ્રદેશ, તમિલનાડું, તેલંગણા, મહારાષ્ટ્ર અને ગુજરાત માટે ભલામણ કરેલ જાત છે.
- વધુ દાણાનું ઉત્પાદન ૩૧૫૦ કિ.ગ્રા./હેકટર આપતી તેમજ સારી ગુણવતાના ઘાસચારનુ ઉત્પાદન આપતી નાગલીની જાત છે.
- પાકવાના દિવસો : ૧૧૫–૧૨૫ દિવસ અને એકસરખી પાકતી જાત છે.
- ફુટની સંખ્યા વધારે તેમજ વરસાદ આધારિત વિસ્તાર માટે સારી જાત છે.
- આ જાતના મોટા વજનદાર દાણા (૨.૮૪ ગ્રામ/૧૦૦૦ દાણાનું વજન) તથા દાણા ખરી પડવા સામે પ્રતિકારક છે.
- છોડનો પ્રકાર ઉભો અને અર્ધ બંધ કણસલા ધરાવે છે.
- વધુ ઉત્પાદન આપતી અને રાસાયણિક ખાતરની વધુ અસરકારતા દર્શાવતી જાત છે.
- પ્રોટીન (૬.૯૮ ગ્રામ/૧૦૦ ગ્રામ), ખનીજક્ષારો (૪.૩૩ ગ્રામ /૧૦૦ ગ્રામ), આયર્ન (૩.૮૦ ગ્રામ/૧૦૦ ગ્રામ), ઝિંક (૨.૪૬ મી.ગ્રામ /૧૦૦ ગ્રામ), કેલ્શિયમ (૪૭૦ મી.ગ્રામ /૧૦૦ ગ્રામ) (%) નું પ્રમાણ વધારે છે. જે આ જાતને સારી પોષણક્ષમ દર્શાવે છે.
- ગાભમારાની ઈયળ, કણસલા ખાનારી ઈયળ તેમજ મોલોમશી સામે સહનશીલતા ધરાવતી જાત છે.
- પાનનો તથા કણસલાનો કરમોડી અને થડનો કોહવારાના રોગ સામે મધ્યમ પ્રતિકારક જાત છે.
- ઉચ્ચ ઉપજ આપતી મુખ્યત્વે નાગલીની આ જાત 'સીએફએમવી–૩' (એક વિજય) પોષક સમૃધ્ધ અનાજ સાથે ડુંગરાળ વિસ્તારોના આદિવાસી ખેડૂતોની જરૂરિયાતોને પૂર્ણ કરશે.



Asso.Res.Sci.HMRS, Waghai

## સુધારેલી ખેતી પધ્ધતિ :–

### ➤ જમીન અને આબોહવા

નાગલી વિવિધ પ્રકારની જમીન, આબોહવા તથા જયાં અન્ય પાક ઉગાડવાની શકયતા ઓછી હોય તેવી ઓછી ફળદ્રુપ અને ઢ ાળવાળી જમીનમાં પણ થઈ શકે છે. પરંતુ સારા નિતારવાળી લાલ, રાખોડી રંગની, ગોરાડું અને હલકી અથવા મધ્યમ કાળી જમીન નાગલીને વધુ માફક આવે છે. ગરમ અને ભેજવાળી આબોહવામાં આ પાક સારો થાય છે.

### ➤ જમીનની તૈયારી

અગાઉનાં પાકની કાપણી થઈ ગયા બાદ, જમીનને હળ અથવા ટ્રેકટર કલ્ટીવેટર આડી ઉભી ખેડ કરી, કરબ મારી નિંદામણ જડીયા વીણી વાવેતર માટે જમીન તૈયાર કરવામાં આવે છે.

### ➤ બિયારણનો દર

હેકટર દીઠ ૪ થી ૫ કિ.ગ્રા. બિયારણની જરૂર પડે. હંમેશા ભલામણ કરેલ સુધારેલ જાતોનું શુધ્ધ પ્રમાણિત બિયારણ વાપરવું.

### ➤ બીજની માવજત

જમીન જન્ય અને બીજ જન્ય રોગથી રક્ષણ મેળવવા માટે ફુગનાશક દવા જેવી કે સરેસાન, એમીસાન, થાયરમ અથવા કાર્બેન્ડાઝીમ પૈકી કોઈ પણ એક ફૂગનાશક દવા ૧ કિલોગ્રામ બીજ દીઠ ૩ ગ્રામ તેમજ એઝોસ્પાઈરીલમ જૈવિક ખાતર ૩ ગ્રામ ૧ કિલોગ્રામ બીજ પ્રમાણે પટ આપવો.

### ➤ ધરૂવાડીયું

ડાંગરની જેમ નાગલીની ફેરરોપણી કરવામાં આવે તો વધુ ઉત્પાદન મળે છે. ધરૂવાડીયું પિયતની સગવડતા હોય ત્યાં, સહેજ ઊંચાણવાળી, નિંદામણ મુકત અને અગાઉનાં વર્ષે તે વિસ્તારમાં ઉગાડેલ નાગલીમાં કોઇ રોગ આવેલ ન હોય તેવી હોવી જોઇએ. જમીન હળ અને કરબથી ખેડીને ભરભરી બનાવવી, સમાર મારી સમતલ બનાવવી. સારૂ તંદુરસ્ત અને ચીપાદાર ધરૂ ઉછેરવા નીચેના મુદ્દઓ ધ્યાનમાં રાખવા જોઇએ.

- જેટલા વિસ્તારમાં રોપણી કરવાની હોય તેના ૧૦માં ભાગના વિસ્તારમાં ધરૂવાડિયું તૈયાર કરવું. એક હેકટરની ફેર રોપણી માટે ૧૦ ગુંઠા વિસ્તારમાં ધરુવાડિયું બનાવવું.
- આ માટે ૧ મીટર પહોળા, ૧૦ મીટર લાંબા અને ૧૫ સે.મી. ઊંચાઈનાં ગાદી કયારા બનાવવાં.
- દરેક કયારામાં ૨૦ કિલોગ્રામ કહોવાયેલું છાણિયું ખાતર, ૨ કિલોગ્રામ દિવેલીનો ખોળ, ૧૨૫ ગ્રામ યુરીયા અને ૫૦૦ ગ્રામ સિંગલ સુપર ફોસ્ફેટ જમીનમાં આપવું.
- ધરૂવાડીયું મોડામાં મોડું જુનનાં ત્રીજા અઠવાડિયામાં નાંખી દેવું.
- જમીન જન્ય અને બીજ જન્ય રોગથી રક્ષણ મેળવવા માટે ફુગનાશક દવા જેવી કે સરેસાન, એમીસાન, થાયરમ અથવા કાર્બેન્ડાઝીમ પૈકી કોઈ પણ એક ફૂગનાશક દવા ૧ કિલોગ્રામ બીજ દીઠ ૩ ગ્રામ બીજ પ્રમાણે પટ આપવો.
- થડના કોહવારાને નાથવા ટ્રાયકોડર્મા વીરીડી જેવા જૈવિક ઘટકોની ૧ કિ.ગ્રા. બીજ દીઠ ૧૦ ગ્રામ પ્રમાણે પટ આપવો.
- દરેક કયારામાં ૪૦ થી ૫૦ ગ્રામ બીજ પુંખીને અથવા ગાદી કયારામાં ૧૦ સે.મી.નાં અંતરે ચાસ ખોલી લાઇનમાં વાવેતર કરી ઢાંકવું. (હેકટર દીઠ ૪ થી ૫ કિ.ગ્રા. સુધારેલ જાતોનું પ્રમાણિત બિયારણ વાપરવું).
- બીજની વાવણી બાદ ગાદી કયારા ઉપર ભેજ રહે તે રીતે પ્રમાણે પાણી આપવું.
- બીજા દિવસે નિંદણ નિયંત્રણ કરવા માટે ૧૦ ગુંઠા જમીનમાં બ્યુટાકલોર ૫૦ ઈ.સી. ૨૦ મી.લી. સક્રિયતત્વ અથવા પેન્ડીમેથાલીન ૩૦ ઈ.સી. ૧૦૦ થી ૧૫૦ મી.લી. સક્રિયતત્વ પ્રમાણે લઇ ૫૦ લિટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.
- બીજની વાવણી બાદ ૮–૧૦ દિવસે કયારા દીઠ ૧૨૫ ગ્રામ યુરીયા પૂર્તિ ખાતર તરીકે આપવું અને ત્યારબાદ ફરી ૮ દિવસે કયારા દીઠ૧૨૫ ગ્રામ યુરીયા આપવું.
- ધરૂવાડીયામાં કીટકનાં નિયંત્રણ માટે કાર્બાફ્યુરાન ૩ ટકા દાણાદાર દવા કયારા દીઠ ૧૦૦ ગ્રામ પ્રમાણે બીજની વાવણી બાદ ૧૫ દિવસે આપવી.
- નિંદણ નિયંત્રણ માટે નિંદણનાશક દવાનો છંટકાવ કરેલ ન હોય તો જરૂરીયાત મુજબ નિંદણ હાથથી દૂર કરવું.
- સામાન્ય રીતે ૨૦–૨૫ દિવસે ધરૂ ફેરરોપણી માટે તૈયાર થઈ જાય છે. મોટી ઉંમરના ધરૂનો ઉપયોગ કરવાથી ફૂટ ઓછી મળે છે અને સરવાળે ઉત્પાદન ઓછુ આવે છે.
- કરમોડી રોગ પ્રતિકારક જાતોનું વાવેતર કરવું.
- ધરુવાડીયામાં રોગ દેખાય કે તરત જ ટ્રાયસાઈકલાઝોલ ૭૫ ટકા વે.પા. ૬ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પાણીમાં મિશ્રણ કરવું અથવા કાર્બેન્ડાઝીમ ૫૦ ટકા વે.પા. અથવા ટેબુકોનાઝોલ ૨૫.૯ ઈ.સી. ૧૦ મીલી પ્રતિ ૧૦ લિટર પાણીમાં દ્રાવણ બનાવી હેકટરે ૪૦૦ થી ૫૦૦ લિટર મુજબ છોડ ભીંજાય તે રીતે છંટકાવ કરવો.



Asso. Res.Sci. HMRS, Waghai

## ➢ ફેરરોપણી

નાગલીની ફેરરોપણી માટે જુલાઈનું પ્રથમ પખવાડિયું ઉત્તમ સમય છે. નાગલીની ફેરરોપણી બે હાર વચ્ચે ૨૨.૫ થી ૩૦ સે.મી. અને બે છોડ વચ્ચે ૭ થી ૮ સે.મીનું અંતર રાખી થાણા દીઠ ૧ છોડ રોપવો અને હેકટરે ૪.૫ થી ૬ લાખ છોડ જાળવવા. ફેરરોપણી માટે ૪ થી ૫ પાનવાળું ૨૦ થી ૨૫ દિવસનું ચીપાદાર ધરુ ઉત્તમ ગણાય છે. ફેરરોપણી અગાઉ પુરતો વરસાદ હોય ત્યારે જમીનને હળ કે પાવર ટીલરથી ઘાવલ કરીને સમાર મારવો. ઘાવલ કરતાં અગાઉ જરૂરી પાયાનું ખાતર આપી દેવું. રોપણી પહેલા ધરૂનાં મૂળને જૈવિક ખાતર એઝોટોબેકટરનાં દ્રાવણમાં ૧૫ મીનીટ બોળીને ફેરરોપણી કરવી. ફેરરોપણી સમયે કયારીમાં બહુ પાણી ન રાખવું, જેથી ધરૂ સારી રીતે જમીનમાં ચોંટી જાય. નાગલી પાકને ફેરરોપણી કર્યા બાદ ખાલાં પૂરવાની જરૂર રહેતી નથી.

## ➢ ખાતર વ્યવસ્થાપન

હળ કે પાવર ટીલરથી ઘાવલ કરતાં પહેલા હેકટર દીઠ ૧૦ ટન સારું કોહવાયેલું છાણિયું ખાતર, ૨ ટન અળસિયાનું ખાતર (વર્મીકમ્પોસ્ટ) અને ૨૦ કિ.ગ્રા. ફોસ્ફરસયુકત ખાતર પાયાનાં ખાતર તરીકે જમીનમાં નાંખવું. ફેરરોપણીનાં ૬ દિવસ બાદ પાયાનાં ખાતર તરીકે અને ૩૦ દિવસે પૂર્તિ ખાતર તરીકે હેકટર દીઠ ૧૦ કિ.ગ્રા. નાઈટ્રોજન આપવો. જયાં અળયિાનું ખાતર મળતું ન હોઇ તે પરીસ્થિતીમાં પાયાનાં ખાતર તરીકે અને ૩૦ દિવસે પૂર્તિ ખાતર તરીકે હેકટર દીઠ ૨૦ કિ.ગ્રા. નાઈટ્રોજન આપવો.

## ➢ નિંદણ નિયંત્રણ

નાગલી પાકને રોપણી બાદ ૪૫ દિવસ સુધી નિંદાણ મુકત રાખવો. ફેરરોપણી બાદ ૨ થી ૩ નિંદણ કરવા. મજુરોની અછત હોય તો નિંદામણનાશક દવાઓનો ઉપયોગ કરવો. આ માટે બ્યુટાકલોર ૫૦ ઈ.સી. અથવા પ્રેટીલાકલોર ૫૦ ઈ.સી. ૧.૨૫૦ થી ૧.૫૦૦ લિટર/હેકટર સક્રિયતત્વ ૫૦૦ લિટર પાણીમાં ઓગાળી રોપણી પછી તરત જ (૩ થી ૫ દિવસમાં) છાંટવું અથવા કયારીમાંથી પાણી નિતાર્યા બાદ ૧૦૦ કિલોગ્રામ રેતી સાથે દવાને ભેળવી કયારીમાં વ્યવસ્થિત રીતે પૂંકવી.

## ➢ જીવાત નિયંત્રણ

નાગલીનાં પાકમાં મુખ્યત્વે ગુલાબી અને સફેદ ગાભમારો, લાલ કાતરા, ભુખરા જીવડાં, પાન વાળનારી ઈયળ, થડ કાપનાર ઈયળ અથવા જુથી ઈયળ, કણસલાની ઈયળો, મોલો, પાન કથીરી,લીલા ચૂસીયાં અને ગંધી ચુસિયાનો ઉપદ્રવ જોવા મળે છે.

### નાગલીની જીવાતોનું સંકલિત નિયંત્રણ :–

**અ. કર્ષણ નિયંત્રણ :–**

**૧. ખેતરની સ્વચ્છતા:–** ખેતરની સ્વચ્છતા અને પાકનાં જુના અવશેષો / જડિયાંને ખેડી બહાર કાઢી બાળીને નાશ કરવાથી ગાભમારાનાં જીવનચક્રને તોડી શકાય છે અને તેનો ઉપદ્રવ નવા પાકમાં ઘટાડી શકાય છે.

**૨. ખેડ:–** પાકની વાવણી પહેલાં અને પાકની કાપણી બાદ ખેડ કરવાથી જમીનમાં સુષુપ્ત અવસ્થામાં રહેલ જીવાતોની વિવિધ અવસ્થાઓ સૂર્ય પ્રકાશમાં ખુલ્લી થશે અથવા પક્ષીઓ દ્વારા નાશ પામશે. ઊંડી ખેડ ખાસ કરીને લાલ કાતરા અને તીતીઘોડાના વ્યવસ્થાપન માટે ખૂબ જ ઉપયોગી છે.

**૩. આંતરપાક:–** નાગલી સાથે રાયડો અને ખરસાણી ૪:૧:૫ અથવા ૪:૨:૪ ના પ્રમાણમાં આંતર પાક તરીકે લેવાથી જીવાતના કુદરતી દુશ્મનોનું ખેતરમાં સંરક્ષણ થશે અને જીવાતોનો ઉપદ્રવ કાબુમાં રહેશે. નાગલીની ફરતે ચોળી, તલ, મગ જેવા પિંજરપાકો વાવવાથી કાતરાનું મુખ્ય પાક નાગલીમાં નુકશાન ઘટાડી શકાય છે.

**૪. નિંદામણ:–** યોગ્ય રીતે અને સમયસર નિંદણ નિયંત્રણ પાકને જુથી ઈયળ કે લશ્કરી ઈયળનાં ઉપદ્રવથી બચાવશે. નિંદામણો કેટલીક જીવાતો માટે સંતાવા અને ઈંડા મુકવા માટેનું સ્થાન સાબિત થાય છે.

**બ. યાંત્રિક નિયંત્રણ :–** લાલ કાતરા અને અન્ય જીવાતોના ઈંડાના સમુહને હાથથી વીણી નાશ કરવો. મોલોથી ઉપદ્રવિત છોડને મૂળ સહિત ઉખેડી નાશ કરવો. કણસલાના ચુસિયા અને અન્ય જીવાતોને કેરોસીનવાળા પાણીમાં ખંખેરી નાશ કરી શકાય. પાન વાળનાર ઈયળથી વળી ગયેલા પાનને હાથથી તોડી નાશ કરવો.

**ક. ભૌતિક નિયંત્રણ :–** પ્રકાશ પિંજર મુકવાથી ગાભમારાની તેમજ લાલ કાતરાના ફૂદાને આકર્ષીને નિયંત્રિત કરી શકાય છે.

**ડ. જીવાત પ્રતિકારક જાતોનો ઉપયોગ :–** જુદા જુદા સંશોધન કેન્દ્રો પર સંશોધિત અને સુધારેલ જીવાત પ્રતિકારક જાતોનાં ઉપયોગથી જીવાતનો ઉપદ્રવ ઓછો રાખી શકાય છે.

**ઈ. રાસાયણિક નિયંત્રણ :–** નાગલી મુખ્યત્વે વરસાદ આધારિત વિસ્તારમાં વાવેતર થતું હોય અને જીવાતનો ઉપદ્રવ વધુ ન આવતો હોય સામાન્ય રીતે જંતુનાશક દવાનાં છંટકાવની જરૂરિયાત રહેતી નથી તેમ છતાં ઉપદ્રવ વધુ હોય તો જ રાસાયણિક જંતુનાશકોનો છંટકાવ કરવો. કેન્દ્રિય જંતુનાશક બોર્ડ (સેન્ટ્રલ ઈન્સેકટીસાઈડ) દ્વારા નાગલીમાં કોઈ પણ દવાની નોંધણી ન થઈ હોવાથી અન્ય પાકમાં ભલામણ થયેલ જે તે જીવાત માટેની જંતુનાશક દવાનો ઉપયોગ કરવો.

(૧) ગાભમારાની ઈયળના નિયંત્રણ માટે ધરૂવાડિયામાં બીજ નાંખ્યા બાદ ૧૫ દિવસે ૧૦ ગુંઠા વિસ્તારમાં ૧ કિલોગ્રામ કાર્બોફયુરાન ૩ ટકા દાણાદાર દવા આપવી. (૧૦ મીટર ૪ ૧ મીટરનાં કયારામાં ૧૦૦ ગ્રામ દવા વાપરવી).



Pauub
Asso. Res.Sci. HMRS, Waghai

(૨) જુથી ઈયળનાં તથા લાલ કાતરાનાં નિયંત્રણ માટે ઝેરી ખાજ બનાવી ઉપયોગ કરવો જેમાં ૧૦ કિલોગ્રામ ડાંગરની કુસકી લઈ તેમાં ૧ કિગ્રા. ગોળ લઈ અને થોડું પાણી લઈ મિશ્રણ બનાવો. આ મિશ્રણને ૨૪ કલાક રહેવા દો. ૨૪ કલાક બાદ તેમાં ૧૫૦ મી.લી. મોનોક્રોટોફોસ અથવા કવીનાલફોસ જંતુનાશક ઉમેરી એક એકર વિસ્તારમાં છંટકાવ કરવો.

(૩) મોલોનો ઉપદ્રવ વધુ હોય તો ડાયમીથોએટ ૧.૭ મી.લી. / લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

(૪) લાલ કાતરા, તીતીઘોડા તથા ભુખરા જીવડાનો વધુ ઉપદ્રવ હોય તો જ નિયંત્રણ માટે પાકની શરૂઆતની અવસ્થામાં ભૂકીરૂપ જંતુનાશકો છાંટી શકાય.

(૫) ગંધી બગ કે પાન વાળનાર જીવાતનો વધુ ઉપદ્રવ હોય તો જ કાર્ટાપ હાઈડ્રોકલોરાઈડ, કલોરપાયરીફોસ અથવા કવીનાલફોસનો છંટકાવ કરી શકાય.

## ➢ રોગ નિયંત્રણ

વિવિધ કીટનાશકો તેમજ ફૂગનાશક દવાઓ, રાસાયણિક ખાતરો અને પાણીના અવૈજ્ઞાનિક વપરાશને કારણે નાગલી પાકમાં રોગનું પ્રમાણ વાતાવરણની અનુંકૂળતા પ્રમાણે વત્તા ઓછા પ્રમાણમાં જોવા મળે છે. ભારત દેશમાં નાગલી વાવતા વિસ્તારમાં ૨૫ જેટલા ફૂગથી થતાં રોગો, ૪ વિષાણુંઓથી, ૫ જીવાણુંઓથી અને ૬ કૃમિથી થતાં રોગો અત્યાર સુધી નોધાયેલ છે. જેમાં કરમોડી(બ્લાસ્ટ), થડનો કોહવારો (ફુટરોટ), આંજીયો (સ્મટ) અને ભૂખરા ટપકાં/ બદામી ટપકાં મહત્વનાં રોગો છે. પણ ગુજરાતમાં નાગલી વાવતા વિસ્તારમાં કરમોડી અને થડનો કોહવારાનાં રોગો સવિશેષ પ્રમાણમાં જોવા મળતા હોય છે.

**(૧) કરમોડી :** પાયરીકયુલેરીયા ગ્રીસીઆ નામની ફૂગથી આ રોગ થાય છે. નાગલી વાવતા લગભગ બધા જ વિસ્તારમાં મહદ અંશે આ રોગ જોવા મળે છે. ચોમાસું નાગલી પાકમાં ધરુવાડીયા તથા ખેતરમાં વધુ પડતા નાઈટ્રોજનયુકત ખાતરોનાં વપરાશથી પણ રોગ આવે છે. આ રોગથી નાગલી પાકમાં ઘણીવાર ૧૦ થી ૯૫ ટકા-જેટલું આર્થિક નુકશાન જોવા મળે છે. છોડ ઉપર આક્રમણને આધારે આ રોગ ત્રણ અવસ્થામાં જોવા મળે છે.

**(ક)પાનનો કરમોડી (ખ) ગાંઠનો કરમોડી (ગ) કંટી/ફીંગર નો કરમોડી**

**(ક) પાનનો કરમોડી :** રોગની શરુઆતમાં પાન પર ટાંકણીના માંથા જેવા નાના ઘાટા અથવા આછાં બદામી ટપકાં જોવા મળે છે. જે મોટા થતાં ત્રાંકાકાર(આંખ આકારના) , બન્ને બાજુ અણીવાળા, એક થી દોઢ સે.મી. લંબાઈનાં અને તપખીરીયા રંગનાં અને વચ્ચેનો ભાગ ભૂખરો સફેદ (રાખ જેવા) દેખાય છે. રોગ તીવ્ર સ્વરૂપમાં હોઈ ત્યારે આ ટપકાં એકબીજામાં ભળીને આખા પાન પર પ્રસરે છે જેથી પાન ચીમળાઈને સુકાઈ જાય છે અને છોડનો વિકાસ અટકે છે તેમજ ઉત્પાદનમાં ઘટાડો થાય છે.

**(ખ) ગાંઠનો કરમોડી :** છોડનાં થડની ઉપરની ગાંઠો રોગનાં આક્રમણથી સળીને ભૂખરા રંગની થાય છે. છોડને ઉપરથી પકડીને ખેચતા ગાંઠમાંથી છોડ સેહલાઈથી ભાંગીને તૂટી જાય છે. ફીગરમાં જેમ જેમ દાણા ભરાય તેમ તેમ ફીગરના વજનથી ગાંઠમાંથી છોડ નીચે ઢળી પડે છે. જેથી કણસલા જમીન પર પડતા દાણામાં નુકશાન થતાં ઉત્પાદનને માઠી અસર થાય છે.

**(ગ) કણસલા/ફીંગરનો કરમોડી :** આ રોગ ફીગરની ઉપરની ટોચ થી પ્રસરીને નીચેની બાજુએ જતો જોવા મળે છે. તેમજ વધારે પડતા રોગથી ફીગરની લંબાઈમાં પણ ઘટાડો જોવા મળે છે. આ રોગનાં લીધે દાણા કાળાશ પડતા તેમજ ચીમળાઈ જઈ નાગલીનાં દાણાની ગુણવત્તા પર અસર થવાથી ખેડૂતોને બજારભાવ ઓછો મળે છે. રોગ ગ્રાહ્ય જાતોમાં આ રોગથી ૯૦ ટકા સુધીનું નુકશાન નોંધાયેલ છે. ફીગરમાં જયારે દાણા ભરવાની અવસ્થાએ જો આ રોગ વધારે સક્રિય બને તો આ તબકકે ફીગર વંધ્યત્વમાં પરિણમે છે. જેથી ફીગરમાં દાણા ભરાતા નથી અને ઉત્પાદન પણ ઓછું આવે છે.

**નિયંત્રણ :**

- રોગ પ્રતિકારક જાતો જેવી કે જીએન-૫, જીપીયુ-૨૮, જીપીયુ-૪૮, એમઆર-૬ અને જીએનએન-૬ નું વાવેતર કરવું.
- ધરૂવાડીયુમાં બીજને વાવતા પહેલા થાયરમ અથવા કાર્બેન્ડાઝીમ જેવી ફૂગનાશક દવાનો ૩ ગ્રામ / કિલોગ્રામ બીજ મુજબ પટ આપીને વાવણી કરવી.
- ધરુવાડીયામાં રોગ દેખાય કે તરત જ ટ્રાયસાઈકલાઝોલ ૭૫ ટકા વે.પા. ૬ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પાણીમાં મિશ્રણ કરવું. અથવા કાર્બેન્ડાઝીમ ૫૦ ટકા વે.પા. ૧૦ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પાણીમાં અથવા ટેબુકોનાઝોલ ૨૫.૯ ટકા ઈ.સી. ૧૦ મીલી પ્રતિ ૧૦ લિટર પાણીમાં દ્રાવણ બનાવી હેકટરે ૪૦૦ થી ૫૦૦ લિટર મુજબ છોડ ભીંજાય તે રીતે છંટકાવ કરવો.
- નાગલી પાકમાં ભલામણ કરતાં વધારે નાઈટ્રોજનયુકત ખાતરો વાપરવા નહી.
- ખેતરની આજુબાજુનાં શેઢાપાળા પરનું ઘાસ કાઢીને ચોખ્ખા રાખવા.

**(૨) થડનો કોહવારો :** સ્કલેરોસીયમ રોલ્ફસાઈ નામની ફૂગથી થતો આ રોગ જમીન જન્ય છે. ખેડૂતો આ રોગને સફેદ ફૂગનાં નામે ઓળખે છે. આ રોગ થડ અને મૂળમાં થતાં નુકશાનને લીધે છોડની સંખ્યામાં ઘટાડો જોવા મળે છે અને ૩૦ ટકા સુધી ઉત્પાદનમાં ઘટાડો જોવા મળેલ છે.

આ રોગમાં જમીન નજીક થડ ઉપર આછા ભૂખરા રંગનાં ધાબા દેખાય છે. જમીનની અંદર રહેલા થડ ઉપર પણ આવા ચિન્હો દેખાય છે. શરૂઆતમાં આવા રોગિષ્ટ છોડનાં થડ ઉપર સફેદ ફૂગનાં તાંતણા જોવા મળે છે અને તેમાં ઝીણી ગોળાકાર સફેદ રંગની



Asso. Res.Sci. HMRS, Waghai

પેશીઓ તેમજ કથ્થઈ આછા કાળા રંગનાં રાઈનાં દાણા જેવા સ્કલેરોસીયા બને છે. જેનાથી છોડ જમીનમાંથી પોષકતત્વો લઈ શકતો નથી અને છોડ સુકાઈ જાય છે. ખેતરમાં દૂરથી અસરગ્રસ્ત સૂકાયેલો છોડ જોવા મળે છે.

**નિયંત્રણ :**

- આ રોગનાં નિયંત્રણ માટે ઉનાળે ઊંડી ખેડ કરી જમીનને તપવા દેવી તથા આગલા પાકનાં રોગના અવશેષો બાળીને નાશ કરવા.
- બિયારણનો દર ભલામણ મુજબનો જ વાપરવો.
- બીજને વાવતા પહેલા ૧ કિ.ગ્રા. બીજ દીઠ ૩ થી ૪ ગ્રામ થાયરમ કે કેપ્ટાન અથવા કાર્બેન્ડાઝીમ દવાનો પટ આપીને વાવેતર કરવું.
- ટ્રાયકોડર્મા વીરીડી જેવા જૈવિક ઘટકોની ૧ કિ.ગ્રા. બીજ દીઠ ૧૦ ગ્રામ પ્રમાણે પટ આપવો. (ટ્રાયકોડર્મા ફૂગ આધારીત પાઉડર ૨.૫ કિ.ગ્રા. ૫૦૦ કિ.ગ્રા. છાણિયા ખાતરમાં ભેળવી નાગલી વાવતી વખતે ચાસમાં આપવો.)
- જો ટ્રાયકોડર્મા કલ્ચર વાવણીસમયે ચાસમાં આપી શકેલ ન હોય તો વાવણી બાદ ૩૦ દિવસે ૧ પંપમાં ૫૦ ગ્રામ પ્રમાણે (પંપની નોઝલ કાઢી) છોડના મૂળની આસપાસ રેડી શકાય.
- સંપૂર્ણ સડી ગયેલા સેન્દ્રિય ખાતરો વાપરવા.
- ઊભા પાકમાં રોગિષ્ટ છોડ દેખાય કે તરત જ ઉપાડી નાશ કરવો.

## ➢ કાપણી અને સંગ્રહ

નાગલીનો પાક ૧૦૦ થી ૧૩૦ દિવસ સુધીમાં પાકી જાય છે. નાગલીનાં કણસલા જેમ જેમ તૈયાર થાય તેમ કાપતા જઈ ખળામાં સુકવી બળદથી પગર કરી દાણા છુટા પાડવા. પવનની મદદથી દાણાને સાફ સુફી કરી અનાજ ભરવાની કોઠીમાં સંગ્રહ કરવો. બધી કંઠી કપાય જાય એટલે નાગલીનું ચીપટ (પરાળ) કાપી લઇ તેનું કુંડવું બનાવી સંગ્રહ કરવો, જે ઢોરનાં સુકાચારા તરીકે ઉપયોગમાં લઈ શકાય છે.

## ➢ ઉત્પાદન

નાગલી પાકમાં દાણાનું સરેરાશ ઉત્પાદન હેકટરે ૨૦૦૦ થી ૨૫૦૦ કિલો મળે છે જયારે ચીપટ (પરાળ) નું અંદાજે ૪૫૦૦ થી ૬૦૦૦ કિગ્રા. પ્રતિ હેકટર ઉત્પાદન મળે છે. ચીપટ પણ પોષ્ટીક તત્વોથી ભરપુર હોઈ પશુઆહાર માટે ઉત્તમ છે.

## નાગલી (રાગી) પાકનું વધુ ઉત્પાદન મેળવવા માટેના મહત્વના મુદ્દા.

- હંમેશા ભલામણ કરેલ સુધારેલ જાતોનું શુધ્ધ પ્રમાણિત બિયારણ વાપરવું.
- જમીનમાં પૂરતા પ્રમાણમાં સેન્દ્રિય ખાતરો ભેળવી બરાબર ખેડ કરી જમીન ભરભરી બનાવી ધરુવાડીયું માટે ગાદી કયારા તૈયાર કરવા.
- કયારેય પણ આદર કરી ધરૂવાડીયું બનાવવું નહી.
- ધરૂ નાંખતા પહેલા બીજને એક કિલોગ્રામ દીઠ ફૂગનાશક દવા ૩ ગ્રામ થાયરમ કે કાર્બેન્ડાઝીમ દવાનો પટ અવશ્ય આપવો.
- રાસાયણિક ખાતરના કાર્યક્ષમ ઉપયોગ માટે બિયારણને એઝોસ્પાઈરીલમ જૈવિક ખાતર ૩ ગ્રામ/ ૧ કિલોગ્રામ બીજ પ્રમાણે પટ આપવો.
- ફેરરોપણી કરવાની કયારામાં શણ/ઈકકડનો લીલો પડવાશ કરવો.
- ધરૂવાડીયામાં રોગ દેખાય કે તરત જ પાક સંરક્ષણનાં પગલા લેવા.
- રોપેલ નાગલીમાં કરમોડી રોગના ચિન્હ જણાય તો તરત જ ૧૦ લીટર પાણીમાં ૬ ગ્રામ ટ્રાયસાયકલાઝોલ ૭૫ ટકા અથવા ૧૦ ગ્રામ કાર્બોન્ડાઝીમ ૫૦ ટકા વે.પા. દવાનું દ્રાવણ બનાવી છંટકાવ કરવો.
- રાસાયણિક ખાતરનો કાર્યક્ષમ ઉપયોગ કરવો. પાકમાં ભલામણ કરતાં વધારે નાઈટ્રોજનયુકત ખાતર વાપરવું નહી.
- રોપેલ નાગલીમાં પાણીનો ભરાવો થાય તો અવશ્ય બહાર કાઢી નાંખવું.
- છાણિયું ખાતર તથા સેન્દ્રિય ખાતરનો વપરાશ બહોળા પ્રમાણમાં કરવો.
- વધતી જતી અનાજની અછતને પહોંચી વળવા તેમજ પોષકતત્વોથી ભરપુર નાગલીને ડુંગરાળ ઓછી ફળદ્રુપ જમીનમાં તથા આકસ્મિક ખેતી કોઈપણ પ્રકારની આબોહવામાં કરી શકાય છે.
- અત્રેનાં કેન્દ્ર પર સજીવ ખેતી કરવામાં આવતી નથી.

## (૨) વરીની સુધારેલી ખેતી પદ્ધતિ

વરીનાં દાણા નાના હોવાને લીધે તેને ઝીણું ધાન્ય કહેવામાં આવે છે. વરીનું વાવેતર ડાંગ જિલ્લાના ડુંગરાળ પ્રદેશમાં થાય છે.ગુજરાતમાં કુલ ૧૦૩૬૫ હેકટર વિસ્તારમાં વરીનુ વાવેતર થાય છે અને તેની ઉત્પાદકતા૮૯૬ કિ.ગ્રા. / હેકટર છે. દાણાને છડયા પછીના ભાગને મોરીયો કહેવામાં આવે છે. જેનો ઉપયોગ લોકો ઉપવાસમાં કરે છે. તેની પોષણયુકત ઉપયોગિતા વધુ છે. ગમે તેવી આબોહવાકીય પરિસ્થિતિમાં આ પાક લઈ શકાય છે. આદિવાસી લોકો ડાંગરની જગ્યાએ વરીનો ઉપયોગ ખાવામાં કરે છે.વરીમાં આર્યનનું પ્રમાણ વધારે હોવાથી સગર્ભા સ્ત્રીઓ માટેનો ઉત્તમ આહાર છે.



Asso. Res.Sci. HMRS, Waghai

### (૧) ગુજરાત વરી–૧ઃ

| | | |
|---|---|---|
| પાકવાના દિવસો | : | ૧૨૫ થી ૧૩૦ |
| સરેરાશ ઉત્પાદન કિલોગ્રામ/ હેકટર | : | ૧૩૦૦ |
| ટકા વધારો સ્થાનિક જાત કરતાં | : | ૧૬ ટકા |

**ખાસિયતો**

- મધ્યમ મોડી પાકતી જાત.
- ભુખરા પીડાશ પડતા દાણાવાણી અને સ્થાનિક જાત કરતાં વધુ ઉત્પાદન આપતી જાત.
- ભુખરા પીડાશ પડતાં દાણાવાળી તથા રોગ–જીવાત સામે મધ્યમ પ્રતિકારક જાત.
- ખુલ્લા લાંબા ડુંડા ધરાવતી જાત.
- ઢળી પડવા સામે મધ્યમ પ્રતિકારક જાત.
- દાણાની ગુણવત્તા સારી હોય મૂલ્યવર્ધિત બનાવટો માટે સારી જાત.
- ચીપટ પશુઆહાર માટે પોષ્ટિક.




### (૨) ગુજરાત વરી–૨ઃ

| | | |
|---|---|---|
| પાકવાના દિવસો | : | ૧૧૫–૧૨૦ |
| સરેરાશ ઉત્પાદન કિલોગ્રામ/હે. | : | ૧૭૦૦ |
| ટકા વધારો ગુજરાત વરી–૧ કરતાં | : | ૩૨.૬ ટકા |



આ જાત ગુજરાત વરી–૧ માંથી મ્યુટેશન બ્રીડીગ પધ્ધતિથી વિકસાવવામાં આવેલ છે.

**ખાસિયતો**

- મધ્યમ મોડી પાકતી જાત.
- ભરાવદાર, આકર્ષક પીળાશ પડતાં રંગના દાણા સાથે વધુ ઉત્પાદન આપતી જાત.
- વધારે દાણા સાથે લાંબુ ડુંડુ ધરાવતી જાત.
- દાણા ખરી પડવા, ઢળી પડવા અને રોગ જીવાત સામે પ્રતિકારક જાત.
- દાણાની ગુણવત્તા સારી હોય મૂલ્યવર્ધન માટે અનુકુળ જાત.
- ચીપટ (પરાળ) પશુઆહાર માટે પૌષ્ટિક
- વધારે પ્રોટીન, મીનરલ મેટર, કેલ્શિયમ અને લોહતત્વ દર્શાવતી જાત.

### (૩) ગુજરાત નવસારી વરી–૩ઃ

| | | |
|---|---|---|
| પાકવાના દિવસો | : | ૧૧૦ થી ૧૨૦ |
| સરેરાશ ઉત્પાદન કિલોગ્રામ/ હેકટર | : | ૨૮૦૦ |
| ટકા વધારો ગુજરાત વરી–૨ કરતાં | : | ૩૯.૩ ટકા |

**ખાસિયતો**

- વહેલી પાકતી આછા પીળા દાણાવાળી જાત.
- વરીની પ્રચલિત જાતો જી.વી.–૨ (સ્થાનિક જાત) અને સી.ઓ.–૨ (રાષ્ટ્રીય કક્ષાની જાત) કરતાં અનુક્રમે૩૯.૩ ટકા અને ૪૩.૯ ટકા વધુ ઉત્પાદન આપતી જાત.
- પાકવામાં એકસરખી, વધુ ફુટ આપતી અને ઢળી પડવા સામે પ્રતિકારક જાત.
- કરમોડી રોગ સામે પ્રતિકારક અને દાણાનો અંગારીયો અને સીથ બ્લાઈટ રોગ સામે મધ્યમ પ્રતિકારક જાત.
- વધારે દાણા સાથે લાંબુ ડુંડુ ધરાવતી જાત.
- વધારે પ્રોટીન, મીનરલ મેટર, કેલ્શિયમ, રેસા અને લોહતત્વ દર્શાવતી જાત.
- દાણાની ગુણવત્તા સારી હોય મૂલ્યવર્ધિત બનાવટો માટે સારી જાત.
- ચીપટ પશુઆહાર માટે પોષ્ટિક.





Asso. Res.Sci. HMRS, Waghai

## ૪– ગુજરાત નવસારી વરી–૪ (અંબિકા)





- ભારતના દક્ષિણ ઝોન હેઠળ આંધ્ર પ્રદેશ,ગુજરાત, ઝારખંડ, મહારાષ્ટ્ર અને ઓડિશામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરતું જોવા મળ્યું.
- દાણાની ઉપજ ૨૬૫૦ કિ.ગ્રા./હેકટર આપવાની સાથે સાથ સારો ઘાસચારો ઉત્પન્ન કરનાર જાત છે.
- મધ્યમ પરિપકવતા અવધિ અને એકસરખી પરિપકવતા૧૨૦–૧૨૫ દિવસ.
- ૧૦૦૦ બીજ વજન દીઠ ૨.૨૮ ગ્રામ અને દાણો સોનેરી પીળા રંગનો છે.
- કેલ્શિયમ, રેસા, ઝિંક, પ્રોટીન અને ખનીજ બાબતો (%) ના સંદર્ભમાં રાષ્ટ્રીય તેમજ રાજય સ્તરની તપાસમાં ઉચ્ચ પોષક દ્રષ્ટિએ શ્રેષ્ઠ છે.
- વિવિધ રોગો અને જીવાત પ્રત્યે મધ્યમ પ્રતિરોધક છે.
- ન્યુટ્રીશન ઉચ્ચ ઉપજ આપતી વરીની આ જાત જી.એન.વી.–૪ ખેડૂતોની જરૂરિયાતોને પૂર્ણ કરશે જયાં મુખ્યત્વે વરસાદી પરિસ્થિતિમાં વરીના વાવેતર વિસ્તારમાં ભલામણ કરવામાં આવે છે.

## Little millet state released variety "GV-5" (Mauli)"



**Year of Release : 2023-24**

**Special attributes:**

- Grain Yield -2150 kg/ha
- First- Early duration and synchronous maturity (90-100 days) variety
- Multi-tillering, non-lodging and non shattering type.
- Found superior to checks in respect to Ca, Zn and ash content (%).
- Resistant to leaf and neck blast as well as grain smut disease under field condition.
- Resistance to pest like shoot fly (% dead heart) under field condition.

## Barnyard millet State released variety "GB-2" (Shabari)"



**Year of Release : 2023-24**

Special attributes:

- Grain Yield - 2055 kg/ha
- Medium duration and synchronous maturity up to 90-100 days
- Panicle length (20 - 21 cm) with 4-5 tillering ability
- Bold grain size (3.76 g per 1000 seed weight)
- Good quality traits like Protein content (8.45 g/100g), Ca (22.3 mg/100g) and Zn (2.89 mg/100g)
- Non shattering and non-lodging type
- Moderately resistant to leaf and neck blast as well as grain and head smut disease under field condition
- Resistance to pest like shoot fly (% dead heart) under field condition



Asso. Res.Sci. HMRS, Waghai

## સુધારેલી ખેતી પધ્ધતિઃ–

### ➢ જમીન અને આબોહવા

વરી વિવિધ પ્રકારની જમીન, આબોહવા તથા જયાં અન્ય પાક ઉગાડવાની શકયતા ઓછી હોય તેવી ઓછી ફળદ્રુપ અને ઢાળવાળી જમીનમાં પણ થઈ શકે છે. પરંતુ સારા નિતારવાળી લાલ, રાખોડી રંગની, ગોરાડું અને હલકી અથવા મધ્યમ કાળી જમીન વરીને વધુ માફક આવે છે. ગરમ અને ભેજવાળી આબોહવામાં આ પાક સારો થાય છે.

### ➢ જમીનની તૈયારી

અગાઉનાં પાકની કાપણી થઈ ગયા બાદ, જમીનને હળ અથવા ટ્રેકટર કલ્ટીવેટર આડી ઉભી ખેડ કરી, કરબ મારી નિંદામણ જડીયા વીણી વાવેતર માટે જમીન તૈયાર કરવામાં આવે છે.

### ➢ બિયારણનો દર

વરીનો દાણો ઝીણો હોવાથી એક હેકટરની ફેરરોપણી માટે ૩ થી ૪ કિ.ગ્રા. બિયારણની જરૂર પડે છે. હંમેશા ભલામણ કરેલ સુધારેલ જાતોનું શુધ્ધ પ્રમાણિત બિયારણ વાપરવું.

### ➢ બીજની માવજત

જમીન જન્ય અને બીજ જન્ય રોગથી રક્ષણ મેળવવા માટે ફુગનાશક દવા જેવી કે સરેસાન, એમીસાન, થાયરમ અથવા કાર્બેન્ડાઝીમ પૈકી કોઈ પણ એક ફૂગનાશક દવા ૧ કિલોગ્રામ બીજ દીઠ ૩ ગ્રામ તેમજ એઝોસ્પાઈરીલમ જૈવિક ખાતર ૩ ગ્રામ ૧ કિલોગ્રામ બીજ પ્રમાણે પટ આપવો.

### ➢ ધરૂવાડીયું

ડાંગરની જેમ વરીની ફેરરોપણી કરવામાં આવે તો વધુ ઉત્પાદન મળે છે. ધરૂવાડીયું પિયતની સગવડતા હોય ત્યાં, સહેજ ઊંચાણવાળી, નિંદામણ મુકત અને અગાઉનાં વર્ષે તે વિસ્તારમાં ઉગાડેલ નાગલીમાં કોઇ રોગ આવેલ ન હોય તેવી હોવી જોઇએ. જમીન હળ અને કરબથી ખેડીને ભરભરી બનાવવી, સમાર મારી સમતલ બનાવવી. સારૂ તંદુરસ્ત અને ચીપાદાર ધરૂ ઉછેરવા નીચેના મુદ્દઓ ધ્યાનમાં રાખવા જોઇએ.

- જેટલા વિસ્તારમાં રોપણી કરવાની હોય તેના ૫માં ભાગના વિસ્તારમાં ધરૂવાડિયું તૈયાર કરવું. એક હેકટરની ફેર રોપણી માટે ૫ ગુંઠા વિસ્તારમાં ધરુવાડિયું બનાવવું.
- આ માટે ૧ મીટર પહોળા, ૧૦ મીટર લાંબા અને ૧૫ સે.મી. ઊંચાઈનાં ગાદી કયારા બનાવવાં.
- દરેક કયારામાં ૨૦ કિલોગ્રામ કહોવાયેલું છાણિયું ખાતર, ૨ કિલોગ્રામ દિવેલીનો ખોળ, ૧૨૫ ગ્રામ યુરીયા અને ૫૦૦ ગ્રામ સિંગલ સુપર ફોસ્ફેટ જમીનમાં આપવું.
- ધરૂવાડીયું મોડામાં મોડું જુનનાં ત્રીજા અઠવાડિયામાં નાંખી દેવું.
- જમીન જન્ય અને બીજ જન્ય રોગથી રક્ષણ મેળવવા માટે ફુગનાશક દવા જેવી કે સરેસાન, એમીસાન, થાયરમ અથવા કાર્બેન્ડાઝીમ પૈકી કોઈ પણ એક ફૂગનાશક દવા ૧ કિ.ગ્રા. બીજ દીઠ ૩ ગ્રામ બીજ પ્રમાણે પટ આપવો.
- થડના કોહવારાને નાથવા ટ્રાયકોડર્મા વીરીડી જેવા જૈવિક ઘટકોની ૧ કિ.ગ્રા. બીજ દીઠ ૧૦ ગ્રામ પ્રમાણે પટ આપવો.
- દરેક કયારામાં ૩૦ થી ૪૦ ગ્રામ બીજ પુંખીને અથવા ગાદી કયારામાં ૧૦ સે.મી.નાં અંતરે ચાસ ખોલી લાઇનમાં વાવેતર કરી ઢાંકવું. (હેકટર દીઠ ૪ થી ૫ કિ.ગ્રા. સુધારેલ જાતોનું પ્રમાણિત બિયારણ વાપરવું).
- બીજની વાવણી બાદ ગાદી કયારા ઉપર ભેજ રહે તે રીતે પ્રમાણે પાણી આપવું.
- બીજા દિવસે નિંદણ નિયંત્રણ કરવા માટે ૧૦ ગુંઠા જમીનમાં બ્યુટાકલોર ૫૦ ઈ.સી. ૨૦ મી.લી. સક્રિયતત્વ અથવા પેન્ડીમેથાલીન ૩૦ઈ.સી. ૧૦૦ થી ૧૫૦ મી.લી. સક્રિયતત્વ પ્રમાણે લઇ ૫૦ લિટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.
- બીજની વાવણી બાદ ૮–૧૦ દિવસે કયારા દીઠ ૧૨૫ ગ્રામ યુરીયા પૂર્તિ ખાતર તરીકે આપવું અને ત્યારબાદ ફરી ૮ દિવસે કયારા દીઠ૧૨૫ ગ્રામ યુરીયા આપવું.
- ધરૂવાડીયામાં કીટકનાં નિયંત્રણ માટે કાર્બાફયુરાન ૩ ટકા દાણાદાર દવા કયારા દીઠ ૧૦૦ ગ્રામ પ્રમાણે બીજની વાવણી બાદ ૧૫ દિવસે આપવી.
- નિંદણ નિયંત્રણ માટે નિંદણનાશક દવાનો છંટકાવ કરેલ ન હોય તો જરૂરીયાત મુજબ નિંદણ હાથથી દૂર કરવું.
- સામાન્ય રીતે ૨૫–૩૦ દિવસે ધરૂ ફેરરોપણી માટે તૈયાર થઈ જાય છે. મોટી ઉંમરના ધરૂનો ઉપયોગ કરવાથી ફૂટ ઓછી મળે છે અને સરવાળે ઉત્પાદન ઓછુ આવે છે.
- કરમોડી રોગ પ્રતિકારક જાતોનું વાવેતર કરવું.
- ધરુવાડીયામાં રોગ દેખાય કે તરત જ ટ્રાયસાઈકલાઝોલ ૭૫ ટકા વે.પા. ૬ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પાણીમાં મિશ્રણ કરવું. અથવા કાર્બેન્ડાઝીમ ૫૦ ટકા વે.પા. અથવા ટેબુકોનાઝોલ ૨૫.૯ ઈ.સી. ૧૦ મીલી પ્રતિ ૧૦ લિટર પાણીમાં દ્રાવણ બનાવી હેકટરે ૪૦૦ થી ૫૦૦ લિટર મુજબ છોડ ભીંજાય તે રીતે છંટકાવ કરવો.



Asso. Res.Sci. HMRS, Waghai

## ➢ ફેરરોપણી

વરીની ફેરરોપણી માટે જુલાઈનું પ્રથમ પખવાડિયું ઉત્તમ સમય છે. વરીની ફેરરોપણી બે હાર વચ્ચે ૩૦ સે.મી. અને બે છોડ વચ્ચે ૧૦ સે.મીનું અંતર રાખી થાણા દીઠ ૧ છોડ રોપવો અને હેકટરે ૩ થી ૪ લાખ છોડ જાળવવા. ફેરરોપણી માટે ૪ થી ૫ પાનવાળું ૨૫ થી ૩૦ દિવસનું ચીપાદાર ધરુ ઉત્તમ ગણાય છે. ફેરરોપણી અગાઉ પુરતો વરસાદ હોય ત્યારે જમીનને હળ કે પાવર ટીલરથી ઘાવલ કરીને સમાર મારવો. ઘાવલ કરતાં અગાઉ જરૂરી પાયાનું ખાતર આપી દેવું. રોપણી પહેલા ધરૂનાં મૂળને જૈવિક ખાતર એઝોટોબેકટરનાં દ્રાવણમાં ૧૫ મીનીટ બોળીને ફેરરોપણી કરવી. ફેરરોપણી સમયે કયારીમાં બહુ પાણી ન રાખવું, જેથી ધરૂ સારી રીતે જમીનમાં ચોંટી જાય.

## ➢ ખાતર વ્યવસ્થાપન

હળ કે પાવર ટીલરથી ઘાવલ કરતાં પહેલા હેકટર દીઠ ૧૦ ટન સારું કોહવાયેલું છાણિયું ખાતર અને ૨૦ કિ.ગ્રા. ફોસ્ફરસયુકત ખાતર પાયાનાં ખાતર તરીકે જમીનમાં નાંખવું. ફેરરોપણીનાં ૬ દિવસ બાદ પાયાનાં ખાતર તરીકે અને ૩૦ દિવસે પૂર્તિ ખાતર તરીકે હેકટર દીઠ ૨૦ કિ.ગ્રા. નાઈટ્રોજન આપવો.

## ➢ નિંદણ નિયંત્રણ

વરી પાકને રોપણી બાદ ૪૫ દિવસ સુધી નિંદાણ મુકત રાખવો. ફેરરોપણી બાદ ૨ થી ૩ નિંદણ કરવા. મજુરોની અછત હોય તો નિંદામણનાશક દવાઓનો ઉપયોગ કરવો. આ માટે બ્યુટાકલોર ૫૦ ઈ.સી. અથવા પ્રેટીલાકલોર ૫૦ ઈ.સી. ૧.૨૫૦ થી ૧.૫૦૦ લિટર/હેકટર સક્રિયતત્વ ૫૦૦ લિટર પાણીમાં ઓગાળી રોપણી પછી તરત જ (૩ થી ૫ દિવસમાં) છાંટવું અથવા કયારીમાંથી પાણી નિતાર્યા બાદ ૧૦૦ કિલોગ્રામ રેતી સાથે દવાને ભેળવી કયારીમાં વ્યવસ્થિત રીતે પૂંકવી.

## ➢ જીવાત નિયંત્રણ

વરીનાં પાકમાં મુખ્યત્વે ગાભમારો, લાલ કાતરા, પાન વાળનારી ઈયળ, ભુખરા જીવડાં, થડ કાપનાર ઈયળ અથવા જુથી ઈયળ, મોલો, પાન કથીરી, લીલા ચૂસીયાં અને ગંધી ચુસિયા (કંઠી ચુસીયા) નો ઉપદ્રવ જોવા મળે છે.

**વરીની જીવાતોનું સંકલિત નિયંત્રણ :–**

**અ. કર્ષણ નિયંત્રણ :–**

**૧. ખેતરની સ્વચ્છતા :–** ખેતરની સ્વચ્છતા અને પાકનાં જુના અવશેષો / જડિયાંને ખેડી બહાર કાઢી બાળીને નાશ કરવાથી ગાભમારાનાં જીવનચક્રને તોડી શકાય છે અને તેનો ઉપદ્રવ નવા પાકમાં ઘટાડી શકાય છે.

**૨. ખેડ :–** પાકની વાવણી પહેલાં અને પાકની કાપણી બાદ ખેડ કરવાથી જમીનમાં સુષુપ્ત અવસ્થામાં રહેલ જીવાતોની વિવિધ અવસ્થાઓ સૂર્ય પ્રકાશમાં ખુલ્લી થશે અથવા પક્ષીઓ દ્વારા નાશ પામશે. ઊંડી ખેડ ખાસ કરીને લાલ કાતરા અને તીતીઘોડાના વ્યવસ્થાપન માટે ખૂબ જ ઉપયોગી છે.

**૩. નિંદામણ :–** યોગ્ય રીતે અને સમયસર નિંદણ નિયંત્રણ પાકને જુથી ઈયળ કે લશ્કરી ઈયળનાં ઉપદ્રવથી બચાવશે. નિંદામણો કેટલીક જીવાતો માટે સંતાવા અને ઈંડા મુકવા માટેનું સ્થાન સાબિત થાય છે.

**બ. યાંત્રિક નિયંત્રણ :–** વરીની ફેરરોપણી પહેલાં પાનની ટોચ તોડવાથી ટોચના ભાગમાં મુકાયેલા ગાભમારાના ઈંડાનાં સમુહનો નાશ કરી શકાય છે. લાલ કાતરા અને અન્ય જીવાતોના ઈંડાના સમુહને હાથથી વીણી નાશ કરવો. મોલોથી ઉપદ્રવિત છોડને મૂળ સહિત ઉખેડી નાશ કરવો.

**ક. ભૌતિક નિયંત્રણ :–** પ્રકાશ પિંજર મુકવાથી ગાભમારાની તેમજ લાલ કાતરાના ફૂદાને આકર્ષીને નિયંત્રિત કરી શકાય છે.

**ડ. જીવાત પ્રતિકારક જાતોનો ઉપયોગ :–** હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., વઘઈ સંશોધિત અને સુધારેલ જીવાત પ્રતિકારક જાતોનાં ઉપયોગથી જીવાતનો ઉપદ્રવ ઓછો રાખી શકાય છે.

**ઈ. રાસાયણિક નિયંત્રણ :–** વરી મુખ્યત્વે વરસાદ આધારિત વિસ્તારમાં વાવેતર થતું હોય અને જીવાતનો ઉપદ્રવ વધુ ન આવતો હોય સામાન્ય રીતે જંતુનાશક દવાનાં છંટકાવની જરૂરિયાત રહેતી નથી તેમ છતાં ઉપદ્રવ વધુ હોય તો જ રાસાયણિક જંતુનાશકોનો છંટકાવ કરવો. કેન્દ્રિય જંતુનાશક બોર્ડ (સેન્ટ્રલ ઈન્સેકટીસાઈડ) દ્વારા વરીમાં કોઈ પણ દવાની નોંધણી ન થઈ હોવાથી અન્ય પાકમાં ભલામણ થયેલ જે તે જીવાત માટેની જંતુનાશક દવાનો ઉપયોગ કરવો.

(૧) ગાભમારાની ઈયળના નિયંત્રણ માટે ધરૂવાડિયામાં બીજ નાંખ્યા બાદ ૧૫ દિવસે ૧૦ ગુંઠા વિસ્તારમાં ૧ કિલોગ્રામ કાર્બોફ્યુરાન ૩ ટકા દાણાદાર દવા આપવી. (૧૦ મીટર ૪ ૧ મીટરનાં કયારામાં ૧૦૦ ગ્રામ દવા વાપરવી).

(૨) જુથી ઈયળનાં તથા લાલ કાતરાનાં નિયંત્રણ માટે ઝેરી ખાજ બનાવી ઉપયોગ કરવો જેમાં ૧૦ કિલોગ્રામ ડાંગરની કુસકી લઈ તેમાં ૧ કિગ્રા. ગોળ લઈ અને થોડું પાણી લઈ મિશ્રણ બનાવો. આ મિશ્રણને ૨૪ કલાક રહેવા દો. ૨૪ કલાક બાદ તેમાં ૧૫૦ મી.લી. મોનોક્રોટોફોસ અથવા કવીનાલફોસ જંતુનાશક ઉમેરી એક એકર વિસ્તારમાં છંટકાવ કરવો.

(૩) મોલોનો ઉપદ્રવ વધુ હોય તો ડાયમીથોએટ ૧.૭ મી.લી. / લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.



Asso. Res.Sci. HMRS, Waghai

(૪) લાલ કાતરા, તીતીઘોડા તથા ભુખરા જીવડાનો વધુ ઉપદ્રવ હોય તો જ નિયંત્રણ માટે પાકની શરૂઆતની અવસ્થામાં ભૂકીરૂપ જંતુનાશકો છાંટી શકાય.

(૫) ગંધી બગ કે પાન વાળનાર જીવાતનો વધુ ઉપદ્રવ હોય તો જ કાર્ટાપ હાઈડ્રોકલોરાઈડ, કલોરપાયરીફોસ અથવા કવીનાલફોસનો છંટકાવ કરી શકાય.

## ➢ રોગ નિયંત્રણ

**કરમોડી :**

ગુજરાતમાં વરી વાવતા વિસ્તારમાં વાતાવરણની અનુકૂળતાએ વરીમાં કરમોડી (બ્લાસ્ટ)નો રોગ વધતા ઓછા પ્રમાણમાં જોવા મળે છે. કરમોડીનો રોગ પાયરીકયુલેરીયા ગ્રીસીઆ નામની ફૂગથી થાય છે. જે ખેતરમાં વધુ પડતા નાઈટ્રોજનયુકત ખાતરોનાં વપરાશથી તેમજ વધારે વરસાદનાં કારણે આ રોગનું પ્રમાણ વધે છે. અત્યાર સુધી કરમોડીનો રોગ કંઠી ઉપર જોવા મળેલ નથી. પરંતુ વરીના નીચેના પાનથી ઉપરનાં પાન સુધી કરમોડીનો રોગ ફેલાય છે. જો આ રોગનું પ્રમાણ દિવસે ને દિવસે વધશે તો આવનાર સમયમાં વરીની કંઠી ઉપર આ રોગથી ભારે નુકશાન થવાની સંભાવના રહેશે. વરીનાં પાનનાં કરમોડીમાં રોગની શરૂઆતમાં પાન ઉપર ટાંકણીનાં માંથા જેવા લાલાશ પડતા ટપકા જોવા મળે છે. જે મોટા થતાં ત્રાકાકાર (આંખ આકારનાં), બન્ને બાજુ અણીવાળા અને વચ્ચેનો ભાગ રાખોડી કલરનો જોવા મળે છે. રોગ તીવ્ર સ્વરૂપમાં હોય ત્યારે આ ટપકાં એકબીજામાં ભળી આખા પાન ઉપર પ્રસરે છે. જેથી પાન કરમાઈને સુકાઈ જાય છે. જેથી છોડનો વિકાસ અટકે છે અને ઉત્પાદન ઉપર માઠી અસર પડે છે.

**નિયંત્રણ :**

- રોગ પ્રતિકારક જાતો જેવી કે જીવી–૨ અને જીએનવી–૩ નું વાવેતર કરવું.
- ધરૂવાડીયુમાં બીજને વાવતા પહેલા થાયરમ અથવા કાર્બેન્ડાઝીમ જેવી ફૂગનાશક દવાનો ૩ ગ્રામ / કિલો બીજ મુજબ પટ આપીને વાવણી કરવી.
- ધરૂવાડીયામાં રોગ દેખાય કે તરત જ ટ્રાયસાઈકલાઝોલ ૭૫ ટકા વે.પા. ૬ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પાણીમાં મિશ્રણ કરવું. અથવા કાર્બેન્ડાઝીમ ૫૦ ટકા વે.પા. ૧૦ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પાણીમાં અથવા ટેબુકોનાઝોલ ૨૫.૯ ટકા ઈ.સી. ૧૦ મીલી પ્રતિ ૧૦ લિટર પાણીમાં દ્રાવણ બનાવી હેકટરે ૪૦૦ થી ૫૦૦ લિટર મુજબ છોડ ભીંજાય તે રીતે છંટકાવ કરવો.
- વરી પાકમાં ભલામણ કરતાં વધારે નાઈટ્રોજનયુકત ખાતરો વાપરવા નહી.
- ખેતરની આજુબાજુનાં શેઢાપાળા પરનું ઘાસ કાઢીને ચોખ્ખા રાખવા.

## ➢ કાપણી અને સંગ્રહ

વરીનો પાક ૧૧૦ થી ૧૩૦ દિવસ સુધીમાં પાકી જાય છે. વરીની કંઠી જેમ જેમ તૈયાર થાય તેમ કાપતા જઈ ખળામાં સુકવી બળદથી પગર કરી દાણા છુટા પાડવા. પવનની મદદથી દાણાને સાફ સુફી કરી અનાજ ભરવાની કોઠીમાં સંગ્રહ કરવો. બધી કંઠી કપાય જાય એટલે વરીનું પરાળ (ચીપટ) કાપી લઇ તેનું કુંડવું બનાવી સંગ્રહ કરવો, જે ઢોરનાં સુકાચારા તરીકે ઉપયોગમાં લઈ શકાય છે.

## ➢ ઉત્પાદન

વરી પાકમાં દાણાનું સરેરાશ ઉત્પાદન હેકટરે ૧૩૦૦ થી ૨૮૦૦ કિલો મળે છે જયારે ચીપટ (પરાળ) નું અંદાજે ૭૦૦૦ થી ૮૦૦૦ કિગ્રા. પ્રતિ હેકટર ઉત્પાદન મળે છે. ચીપટ પણ પોષ્ટીક તત્વોથી ભરપૂર હોઈ પશુઆહાર માટે ઉત્તમ છે.

**<u>વરી પાકનું વધુ ઉત્પાદન મેળવવા માટેનાં ચાવીરૂપ મુદ્દા :–</u>**

- હંમેશા ભલામણ કરેલ સુધારેલ જાતોનું શુધ્ધ પ્રમાણિત બિયારણ વાપરવું.
- જમીનમાં પુરતા પ્રમાણમાં સેન્દ્રિય ખાતરો ભેળવી બરાબર ખેડ કરી જમીન ભરભરી બનાવી ધરૂવાડીયું માટે ગાદી કયારા તૈયાર કરવા.
- કયારેય પણ આદર કરી ધરૂવાડીયું બનાવવું નહી.
- ધરૂ નાંખતા પહેલા બીજને એક કિલોગ્રામ દીઠ ફૂગનાશક દવા ૩ ગ્રામ થાયરમ કે કાર્બેન્ડાઝીમ દવાનો પટ અવશ્ય આપવો.
- રાસાયણિક ખાતરનાં કાર્યક્ષમ ઉપયોગ માટે બિયારણને એઝોસ્પાઈરીલમ જૈવિક ખાતર ૩ ગ્રામ/ ૧ કિલોગ્રામ બીજ પ્રમાણે પટ આપવો.
- ફેરરોપણી કરવાની કયારામાં શણ/ઈકકડનો લીલો પડવાશ કરવો.
- રાસાયણિક ખાતરનો કાર્યક્ષમ ઉપયોગ કરવો. પાકમાં ભલામણ કરતાં વધારે નાઈટ્રોજનયુકત ખાતર વાપરવું નહી.
- છાણિયું ખાતર તથા સેન્દ્રિય ખાતરનો વપરાશ બહોળા પ્રમાણમાં કરવો.
- અત્રેનાં કેન્દ્ર પર સજીવ ખેતી કરવામાં આવતી નથી.

સહ સંશોધન વૈજ્ઞાનિક (કૃ.વ.)
હ.ધા. સં. કે., ન. કૃ. યુ.,
વઘઈ (ડાંગ)

## અનેક્ષર – એ

(સામાન્ય વહીવટ વિભાગનાં તા.૧/૫/૨૦૦૯ નાં પરિપત્ર ક્રમાંક :– પીએડી–૧૦ –૨૦૦૭–૩૩૫૩૬૪– આર.ટી.આઈ. સેલ નું બિડાણ)

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે માહિતી અધિકાર અધિનિયમની કલમ નં–૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો "પ્રોએકટીવ ડીસ્કલોઝર (P.A.D) મારા વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે અને તા.૧/૫/૨૦૨૬ ની સ્થિતિએ કચેરીની મંજૂરી મેળવી અદ્યતન કરવામાં આવેલ છે.

તા. ૦૧/૦૫/૨૦૨૬

સહ સંશોધન વૈજ્ઞાનિક (કૃ.વ.)
હ.ધા. સં. કે., ન. કૃ. યુ.,
વઘઈ (ડાંગ)

<u>એનેક્ષર-બી (B)</u>

(સામાન્ય વહીવટ વિભાગના તા,૦૧.૦૫.૨૦૦૯ ના પરિપત્ર ક્રમાંક: પીએડી-૧૦-૨૦૦૭-૩૩૫૩૬૪-આરટીઆઇસેલનું બિડાણ)

# <u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે માનનીય સાહેબશ્રી, વડી કચેરી (પ્રોપર) તથા માનનીય સાહેબશ્રી, વહિવટી કાર્યક્ષેત્રનાં આ સાથેની યાદી મુજબનાં જાહેર સત્તામંડળો દ્વારા માહિતી અધિકાર અધિનિયમની કલમ-૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો " પ્રોએકટીવ ડીસ્કલોઝર " (P.A.D.) તૈયાર કરવામા આવી છે. અને તા. ૧/૫/૨૦૨૬ની સ્થિતિએ તે સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, પ્રાદેશિક હલકા **ધાન્ય સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ** દ્વારા અદ્યતન કરવામાં આવેલ છે. જેનું અમારા દ્વારા માહે : મે/જુન ૨૦૨૬ (વર્ષ) દરમ્યાન ઈન્સપેકશન –કમ – ઓડિટ કરવામાં આવ્યુ છે અને જે બાબતે ક્ષતિ જણાઈ હતી અગર અપુરતી વિગતો જણાઈ હતી તેની પુર્તતા કરવામાં આવી છે.

(૨) તા. ૩૦/૬/૨૦૨૬(વર્ષ) ની સ્થિતિએ હવે કોઈ જાહેર સત્તામંડ્ળનાં (પ્રોએક્ટીવ ડીસ્કલોઝર) ઈન્સપેકશન –કમ – ઓડિટ બાકી રહેલ નથી.

**તારીખ** : ૨૯ /૦૫/૨૦૨૬
**મુખ્ય મથક**: નવસારી

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી.